NIPUN BHARAT

समग्र शिक्षा
Samagra Shiksha

રાજ્ય અભ્યાસક્રમ રૂપરેખા પાયાનો તબક્કો-૨૦૨૪ (SCF-FS) આધારિત

# પ્રજ્ઞા
# અધ્યયન સંપુટ

# ગુજરાતી

(પ્રથમ સત્ર)

## ધોરણ - ૨

અજમાયશી વર્ષ
૨૦૨૪-૨૫



વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

# શિક્ષણનાં વિકાસાત્મક ક્ષેત્રો અને અભ્યાસક્રમનાં ધ્યેયો

## શારીરિક વિકાસ

CG-1 બાળકોમાં એવી ટેવો વિકસે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.

CG-2 બાળકો સંવેદનાત્મક દૃષ્ટિકોણમાં ચોકસાઈ (શાર્પનેસ) વિકસાવે છે.

CG-3 બાળકો તંદુરસ્ત અને લચીલું શરીર વિકસાવે છે.

## સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ

CG-4 બાળકો ભાવાત્મક બુદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવા અને તેનું સંચાલન કરવાની ક્ષમતા કેળવે છે તેમજ સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપે છે.

CG-5 બાળકો ઉત્પાદક કાર્ય અને 'સેવા' પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે.

CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.

## જ્ઞાનાત્મક વિકાસ

CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે.

CG-8 વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

## ભાષા અને સાક્ષરતા વિકાસ

CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયા માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે.

CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે.

CG-11 બાળકો દ્વિતિય ભાષામાં વાંચવાનું અને લખવાનું શરૂ કરે છે.

## કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ

CG-12 બાળકો દૃશ્યમાન કલા અને પ્રસ્તુની ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે તથા કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

## અધ્યયનની સકારાત્મક ટેવનો વિકાસ

CG-13 બાળકો શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણના વાતાવરણમાં સક્રિયપણે ભાગ લેવા માટેની અધ્યયનની ટેવ વિકસાવે છે.

આ ધ્યેય આધારે ક્ષમતાઓ (Compentencies) નિશ્ચિત કરી છે. તેના આધારે બાલવાટિકાથી લઈને ધોરણ - ૨ સુધીની અધ્યયન નિષ્પત્તિઓ સૂચવવામાં આવી છે.

**માર્ગદર્શન**

**ડૉ. એમ. આઈ. જોષી**
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ
**પ્રકાશ ત્રિવેદી**
નિયામકશ્રી, જીસીઈઆરટી
**ડૉ. એમ. એમ. પટેલ (GAS)**
એડી.એસપીડી, સમગ્ર શિક્ષા
**મહેશ મહેતા**
સચિવ, સમગ્ર શિક્ષા
**એસ. જે. ડુમરાળિયા**
સચિવ, જીસીઈઆરટી

**સંકલન**

અનિલકુમાર ઉપાધ્યાય
ધર્મેશ રામાનુજ — સુચિત પ્રજાપતિ
સંજયભાઈ ચૌધરી — અતુલભાઈ પંચાલ
નિરવભાઈ મિસ્ત્રી — હેમલબેન પંડ્યા
જયદિપસિંહ ચૌહાણ — રિઝવાનાબેન મિરઝા

**સલાહકાર**

ડૉ. મહેન્દ્ર ચોટલીયા

**લેખન**

ડૉ. હરેશ ચૌધરી — રાકેશ પટેલ
છાયા ઉપાધ્યાય — ડૉ. ભાવેશ પંડ્યા
પૂજા જોષી — મમતાબેન શર્મા
રમેશભાઈ દેસાઈ — હિતેષકુમાર નાયક
સંખારીયા મૌલિબેન — સોની વૈદેહીબેન
વિમલભાઈ નકુમ — પટેલ પાયલબેન
જીતેન્દ્રકુમાર કાપડીયા — ચક્રવર્તી પારૂલબેન
પટેલ કવિતાબેન — અનુપકુમાર જૈન
ડૉ. પ્રિસ્કીલા ચૌહાણ — નિત્તલબેન પંચાલ

**સમીક્ષા**

ડૉ. ભાર્ગવ ઠક્કર
વૈશાલીબેન ચાવડા
યાહ્યા સપાટવાલા

## પ્રસ્તાવના

શિક્ષકમિત્રો અને વાલીઓ, નમસ્કાર.

વૈશ્વિક સ્તરે દેશના વિકાસ માટેનાં વિવિધ વિકાસલક્ષી ધ્યેયો સુનિશ્ચિત કરવામાં આવેલાં છે. તેમાંનું ચોથા નંબરનું સાતત્યપૂર્ણ વિકાસલક્ષી ધ્યેય (SDG) એટલે ‘સમાવેશી અને સમાન ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સુનિશ્ચિત કરવું અને દરેકના માટે આજીવન શીખવા પ્રોત્સાહન આપવાનું છે.’ આ ધ્યેયને સાર્થક કરતી શિક્ષણ ગુણવતાલક્ષી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020)નું નિર્માણ થયેલ છે. NEP-2020 અનુસાર પાયાના શિક્ષણને બળવત્તર બનાવવા માટે નિપુણ ભારત મિશન અંતર્ગત દેશ સાથે આપણા રાજ્યમાં પણ સુનિશ્ચિત આયોજન થયેલ છે. પાયાના શિક્ષણ માટે મહત્ત્વનાં પ્રારંભિક ત્રણ વર્ષો, બાલવાટિકા અને ધોરણ ૧, ૨ના શાલેય શિક્ષણમાં બાળકોને તેમનાં વય, રુચિ અને ઉપયોગિતાની દૃષ્ટીએ જે અગત્યની બાબતો હોય તેનો પરિચય, મહાવરો અને મૂલ્યાંકન કરી તેનો સર્વાંગી વિકાસ થાય તે દિશામાં રાજ્યમાં પ્રયાસ થઈ રહ્યો છે.

બાલવાટિકા અને વિદ્યાપ્રવેશ અભિગમના પ્રારંભ બાદ વર્ષ 2024થી અભ્યાસક્રમમાં નિપુણ ભારત મિશન, FLN અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ પરિરૂપ (NCF) મુજબ અભ્યાસક્રમની સંરચના કરવામાં આવેલ છે. આ વર્ષથી શરૂ થઈ રહેલી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા માટે અધ્યયન સંપુટના ભાગ તરીકે આ સામગ્રી આપવામાં આવી રહી છે. શીખવા-શીખવવા માટે માત્ર પાઠ્યસામગ્રી જ નહિ, બલકે દરેક તબક્કે વિવિધ પ્રકારની સામગ્રીનો ઉપયોગ વર્ગને વધુ પ્રવૃત્તિલક્ષી બનાવશે તે દિશામાં આ અધ્યયન સંપુટ નિર્માણ કરવામાં આવ્યું છે. દેશ સ્તરેથી NCFમાં આપવામાં આવેલ માર્ગદર્શન મુજબ રાજ્ય દ્વારા સ્ટેટ કરીક્યુલમ ફ્રેમવર્ક (SCF) અંતર્ગતની અધ્યયન નિષ્પત્તિઓ સાથે અભ્યાસક્રમની પુનઃ સંરચના કરવામાં આવેલ છે. 13 જેટલાં વિકાસાત્મક ધ્યેયોમાં આપેલી અધ્યયન નિષ્પત્તિઓના આધારે વિકસાવવામાં આવેલી આ અધ્યયન સંપુટ સામગ્રી શીખવા માટે ઉત્તમ અનુભવ બની રહે તેવા પ્રયાસો થયેલા છે. આ સંપુટના વિષયવસ્તુ-નિર્માણ દરમ્યાન જેમની રચના અને પ્રવૃત્તિ સંદર્ભ તરીકે ઉપયોગમાં લેવાઈ છે તેમનો આભાર માનું છું.

શીખવા-શીખવવાની દરેક બાબત સાથે જોડાયેલા આ અધ્યયન સંપુટમાં શિક્ષક માર્ગદર્શિકા, વિદ્યાર્થી પ્રવૃત્તિ સૂચન, પ્રવૃત્તિ નિદર્શન આપવામાં આવેલ છે. અધ્યયન ધ્યેયો સાથે અનુબંધિત અધ્યયન નિષ્પત્તિના આધારે નિર્માણ થયેલ આ અધ્યયન સંપુટ સાથે વર્ગની અન્ય તમામ સાધનસામગ્રીનો પણ સતત ઉપયોગ થતો રહે તેવો નવોન્મેષી અભિગમ હાથ ધરવાનો પ્રયાસ કરાયો છે. આ અધ્યયન સંપુટ, વર્ગની સહાયક સામગ્રી અને શિક્ષક પ્રશિક્ષણ સાથે આપના દ્વારા બાળકોના શિક્ષણ માટે ઉત્તમ પ્રયાસો થાય તે અપેક્ષા સહ નવા વર્ષના શિક્ષણકાર્ય માટે શુભેચ્છાઓ.

**ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર, સમગ્ર શિક્ષા

# માર્ગદર્શન

બાળકેન્દ્રી, પ્રવૃત્તિલક્ષી અને આનંદદાયી પ્રાથમિક શિક્ષણને ચરિતાર્થ કરવા માટે છેલ્લાં પંદરેક વર્ષથી 'પ્રજ્ઞા અભિગમ' અમલમાં છે. પ્રજ્ઞા અભિગમ અંતર્ગત આપણે કેટલાક શાશ્વત શૈક્ષણિક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને અધ્યયન અધ્યાપન સામગ્રીનું નિર્માણ અને વર્ગખંડ પ્રક્રિયાનું આયોજન કરીએ છીએ.

અગાઉનાં વર્ષોના આપના અનુભવ આધારિત પ્રતિભાવ અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ તેમજ તેના આધારે રાષ્ટ્રીય તેમજ રાજ્ય સ્તરે તૈયાર થયેલ અભ્યાસક્રમ માળખાને ધ્યાને રાખીને આ સામગ્રીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તમે જોઈ શકશો કે પ્રજ્ઞાના સૈદ્ધાંતિક પાસાને યથાવત્ રાખીને એટલે કે વ્યક્તિગત કાર્ય, જૂથકાર્ય અને જોડીકાર્ય, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ, સતત મૂલ્યાંકન અને ત્વરિત ઉપચારાત્મક કાર્ય, સંકલ્પના સ્પષ્ટીકરણ, મહાવરો અને મૂલ્યાંકનના અધ્યયનચક્ર જેવી બાબતોને સમાવીને આ નવા પ્રકારની અધ્યયન અધ્યાપન સામગ્રી તૈયાર કરવામાં આવી છે. કાર્ડ, સ્વઅધ્યયન પોથી, શિક્ષક આવૃત્તિ વગેરેમાં અલગ-અલગ સ્થાને આપેલી વિગતો આ એક જ અધ્યયન સંપુટમાં સહજ ક્રમમાં આપવામાં આવી છે. આ ઉપરાંત, અધ્યયન અધ્યાપન પ્રક્રિયાના ભાગરૂપે વર્ગખંડમાં ઉપલબ્ધ અન્ય સામગ્રીના ઉપયોગ માટે જરૂરી નિર્દેશ પણ કરવામાં આવ્યો છે, જેમાં નીચેની સામગ્રીનો સમાવેશ થાય છે. અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં આ સામગ્રીનો સુચારુ ઉપયોગ શિક્ષકના કાર્યને સરળ બનાવશે.

૧. અધ્યયન સંપુટ પુસ્તિકા
૨. વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી (ધોરણ-૧)
૩. પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક
૪. લેખનપોથી
૫. ચિત્રપોથી
૬. નોટબુક (વિદ્યાર્થી દીઠ-૩)
૭. સ્લેટ અને પેન બૉક્સ
૮. શૈક્ષણિક સ્ટેશનરી કિટ
૯. શિક્ષકસાથી મૉડ્યુલ
૧૦. વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર
૧૧. નિપુણ ભારત માર્ગદર્શિકા (ભાગ-૧,૨)
૧૨. વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ
૧૩. સર્જન માટેની વર્ગસામગ્રી
૧૪. અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ
૧૫. બોર્ડ બુક
૧૬. લાર્જ સ્ટોરીબુક
૧૭. વાર્તાનો વડલો ભાગ ૧-૨
૧૮. ચિત્રવાર્તા પુસ્તિકા (૯ ભાગ)
૧૯. દ્વિભાષી વાર્તા પુસ્તિકા
૨૦. અર્લીરીડર (પ્રારંભિક વાચનમાળા)
૨૧. સચિત્ર બાળપોથી
૨૨. ચિત્ર કૅલેન્ડર
૨૩. ફ્લૅશ કાર્ડ
૨૪. ચાર્ટ/પોસ્ટર
૨૫. બ્રેઈલ કિટ
૨૬. NCERT Maths Kit
૨૭. IIT FLN Kit
૨૮. લાકડાનાં શૈક્ષણિક રમકડાંની કિટ
૨૯. રમતગમતનાં સાધનો
૩૦. સંગીતનાં સાધનો

## અસરકારક વર્ગખંડ પ્રક્રિયા માટે નીચેની બાબતો સુનિશ્ચિત કરીએ

- સમૂહ, જૂથ, જોડી કે વ્યક્તિગત કાર્ય અંતર્ગત બેઠક વ્યવસ્થામાં વર્ષ દરમ્યાન બધાં બાળકોને એકબીજાનો પરિચય થાય તે રીતે આયોજન કરીએ.
- વર્ગખંડ સતત બાળકોના કલ્લોલથી ગુંજતો હોય તે અપેક્ષિત છે. બાળકોને શિક્ષક સાથે તેમજ અન્ય બાળકો સાથે વાતો કરવાની સતત તક મળે તે માટે આ સામગ્રીમાં ઘણી જગ્યાએ નિર્દેશ છે. આ સામગ્રીમાં નિર્દિષ્ટ ચિત્રો, ચિત્ર વાર્તાઓ, અભિનયગીત, જોડકણાં, રંગકામ, રમકડાં, સાધન-સામગ્રી, રમત-ગમત, શોધખોળ વગેરે દરમ્યાન પણ વાતચીતની તક આપવી.
- બાળકોમાં નિર્ણય, કલ્પના અને તર્ક શક્તિનો વિકાસ થાય તેવા આશયથી અધ્યયન સંપુટના પાનની નીચે ફુટરમાં આકૃતિ સાથેની પૅટર્નની રમત, અક્ષર લેખન અને જુદી પડતી બાબતોની ઓળખ જેવી અન્ય બાબતો તરફ સમયાંતરે બાળકોનું ધ્યાન દોરવું.
- દરેક પ્રવૃત્તિ જૂથના અંતે આપેલ ''આટલું તો આવડે છે''માં બાળકે જાતે સ્વ-મૂલ્યાંકન કરવાનું રહેશે. શિક્ષકે તેને યોગ્ય ટીકમાર્ક કર્યું છે તે ધ્યાન આપવું.
- દરેક પ્રવૃત્તિ જૂથના અંતે 'આટલું તો આવડે છે' ના આધારે જે બાળક જ્યારે તમામ પ્રવૃત્તિઓ સિદ્ધ થાય તેવાં બાળકોને જ જે તે પ્રવૃત્તિજૂથનો મહાવરો બાળકે જાતે કરવાનો રહેશે ત્યાર બાદ જ આગળના પ્રવૃત્તિજૂથમાં કાર્ય કરાવવું. (જરૂર પડે ત્યાં શિક્ષકે માર્ગદર્શન આપવું.)
- વર્ગખંડમાં ઘણી બધી મુદ્રિત સામગ્રી બાળકો સરળતાથી જોઈ શકે તેવી રીતે રાખવી. વારંવાર એ સામગ્રી જોઈને પણ બાળકો કુદરતી રીતે જ નવા નવા શબ્દો શીખે છે.
- અત્રે આપવામાં આવેલ અનુલેખન, શ્રુતલેખન, સ્વતંત્ર લેખન યોગ્ય રીતે કરાવવું અને ચકાસવું.
- આ સામગ્રીમાં નિર્દિષ્ટ થયેલ વાર્તાઓ ઉપરાંત ચિત્ર વાર્તાઓ અને અન્ય વાર્તા પુસ્તિકાઓ/સામયિકો પૈકીની વાર્તાઓ કહેવી અને વર્ગ સમક્ષ શિક્ષકે વાંચવી.
- વર્ગમાં થતી વાતચીત, રમતો, પ્રવૃત્તિઓ દરમિયાન બાળકોમાં સ્વતંત્ર વિચાર કૌશલ્ય ખીલે એ માટે વર્ગના વાતાવરણને મુક્ત અને આનંદમય રાખવું. વર્ગખંડની રમતો ઉપરાંત મેદાની રમતો પણ રમાડવી. આ અંતર્ગત સ્થાનિક રમતો ઉપરાંત વિદ્યાર્થીઓના શારીરિક-માનસિક વિકાસ માટેની રમતો રમાડવી.
- વર્ગખંડ દરમિયાન એ સુનિશ્ચિત કરવું કે બાળકો સતત અડધો કલાક કે તેથી વધુ સમય એક જ સ્થિતિમાં બેસી ન રહે. વચ્ચે વચ્ચે શારીરિક હલનચલન થાય તેવી પ્રવૃત્તિઓ (નાની કસરત, અભિનયગીત વગેરે) કરાવવી.
- બાળકો જે વાંચે તે સમજે તે ખૂબ જ જરૂરી છે. તેથી બાળકો શબ્દો કે વાક્યો વાંચે ત્યારે સામાન્ય વાતચીત દ્વારા જાણવું કે બાળક એનો અર્થ સમજે છે કે કેમ.
- વર્ગખંડ સામગ્રીને એ રીતે ગોઠવવી કે જેથી બાળકો માટે એ પુસ્તકો સહજ પ્રાપ્ય બને.
- એવો પ્રયાસ પણ કરવો કે બાળકો જાતે સૂચના વાંચીને સમજવાનો પ્રયત્ન કરે.
- બાળકો જેમ જેમ આગળ વધતાં જાય તેમ તેમ વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટરમાં નોંધ કરવી. જેથી શીખવામાં પાછળ રહી જતાં બાળકો માટે વિશેષ ધ્યાન આપી શકાય અને જરૂરી ઉપચારાત્મક કાર્ય કરી શકાય.

ભાષા અને ગણિત ઉપરાંત પણ બાળકોના સર્વાંગી વિકાસ માટેનાં જરૂરી ક્ષેત્રો જેવાં કે શારીરિક વિકાસ, સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ તેમજ કલાત્મક અને સાંસ્કૃતિક વિકાસ માટેની પ્રવૃત્તિઓને પૂરતો અવકાશ મળી રહે તે માટે 'સપ્તરંગી શનિવાર'નો અભિગમ રાખવામાં આવ્યો છે. તેથી શનિવારે આ બધી જ પ્રવૃત્તિઓ થાય તેમજ સોમવારથી શુક્રવાર દરમિયાન પણ જરૂર જણાયે આવી પ્રવૃત્તિઓ થાય તે સુનિશ્ચિત કરવું.

**મહેશ મહેતા**
સચિવ, સમગ્ર શિક્ષા

## અભ્યાસક્રમનાં ધ્યેય અને અધ્યયન નિષ્પત્તિ

## ધોરણ-૨ ભાષા અધ્યયન સંપુટ અધ્યયન નિષ્પત્તિ પત્રક

### CG-9 બાળકો બે ભાષામાં રોજબરોજની ક્રિયા-પ્રતિક્રિયા માટે અસરકારક સંચાર-કૌશલ્ય વિકસાવે છે.

C 9.1 સાદાં ગીત, જોડકણા અને કવિતાઓ સાંભળે છે અને માણે છે.

9.1.1 અમુક પ્રકારના ગીતો અને કવિતાઓ સાંભળવામાં રસ બતાવે છે અને તેમની પસંદગીનું કારણ સમજાવે છે.

9.1.2 બે થી ત્રણ અંતરાના ગીત/ કવિતાઓ ગાય છે. પઠન કરે છે.

C 9.2 પોતાની મેળે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે.

9.2.1 પોતાના શબ્દોમાં સ્વતંત્ર રીતે ટૂંકી કવિતા/જોડકણા બનાવે છે.

C 9.3 સળંગ અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે.

9.3.1 વિવિધ વિષયોમાં વાતચીતમાં વાતના મુખ્ય દોરને જાળવી રાખે છે.

9.3.2 જે તે મુદ્દાની ચર્ચામાં ભાગ લે છે.

9.3.3 ચર્ચા દરમ્યાન પ્રશ્નો પૂછે છે.

9.3.4 ચર્ચા દરમ્યાન પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપે છે.

C 9.4 જટિલ કાર્ય માટે આપેલી મૌખિક સૂચનાઓ સમજે છે અને તે કાર્ય કરાવવા માટે અન્ય લોકોને સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.

9.4.1 શરતો સમાવતી સૂચનાઓ અનુસરે છે.

9.4.2 ચોક્કસ દિશાઓ, સ્થળ, પરિમાણ જેવી ગાણિતિક બાબતોને સમાવતી સ્પષ્ટ સુચના આપે છે.

C 9.5 સાંભળેલી/ વાંચેલી વાર્તાઓ સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે સમજે છે.

9.5.1 એક વાર્તા પરથી બીજી વાર્તા બનાવે છે.

C 9.6 સ્પષ્ટ કથાવસ્તુ અને પાત્રો સાથે ટૂંકી વાર્તા કહે છે.

9.6.1 સંકુલ કથાવસ્તુ અને વધુ પાત્રો સાથેની વાર્તાઓ જુથમાં બનાવે છે.

C 9.7 રોજબરોજનો વ્યવહાર અસરકારક રીતે કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને તેનો ઉપયોગ કરે છે અને તેમની પાસે જે શબ્દભંડોળ છે તેનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનું અનુમાન કરી શકે છે.

9.7.1 લખાણમાના અપરિચિત શબ્દોના અર્થો જાણવા માટે બાળ શબ્દકોશનો ઉપયોગ કરે છે.

### CG-10 બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે

C 10.2 મુદ્રણ (પ્રિન્ટ) સભાનતા વિકસાવે છે અને મૂળભૂત વિરામ ચિહ્નોને ઓળખે છે.

10.2.1 સાદા વિરામ ચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરે છે. (પૂર્ણ વિરામ, પ્રશ્નાર્થ ચિહ્ન)

C 10.3 વર્ણમાળાનાં બધાં અક્ષરો અને માત્રાઓ ઓળખે છે અને વાંચવા અને લખવા માટે તેનો ઉપયોગ કરે છે.

10.3.1 જોડાક્ષર સહીત તમામ અક્ષરોની ઓળખે છે અને તેમને અનુરૂપ ધ્વનિ સાથે જોડે છે.

10.3.2 વિવિધ અક્ષરોથી બનતા સાર્થક અને અર્થવિહીન શબ્દોને ચોક્સાઈથી વાંચે છે.

C 10.4 યોગ્ય ઝડપ અને આરોહ-અવરોહ સાથે ચોક્સાઈપૂર્વક અને પ્રવાહિતા સાથે પ્રથમ ભાષાની વાર્તાઓ અને ફકરાં વાંચે છે.

10.4.1 નાના ફકરાઓ શુદ્ધ ઉચ્ચારણ અને યોગ્ય આરોહ-અવરોહ સાથે વાંચે છે.

C 10.5 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને પોતાની રીતે પાત્રો, વાર્તાનું કથાવસ્તુ અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખીને તેનો અર્થ સમજે છે.

10.5.1 દ્રશ્ય સામગ્રી કરતા વધુ પાઠ્ય સામગ્રીવાળાં (લખાણવાળા) પુસ્તકોને સ્વતંત્ર રીતે વાંચવાનું શરૂ કરે છે.

10.5.2 વાર્તા વાંચીને વાર્તાના પાત્રો, કથાવસ્તુ, ઘટનાક્રમ અને લેખકના દૃષ્ટિકોણને ઓળખે છે.

C 10.6 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની પ્રશંસા કરે છે.

10.6.1 ટૂંકી કવિતાઓ વાંચે છે અને કલ્પનાનું અનુમાન કરે છે.

C 10.7 ટૂંકા સમાચાર, સૂચનાઓ અને પ્રચાર સામગ્રી વાંચે છે તેમજ તેનો અર્થ સમજે છે.

10.7.1 ટૂંકા સમાચાર અને પ્રચારપત્રિકાઓ વાંચે છે અને તેનું વિષયવસ્તુ સમજાવે છે.

C 10.8 પોતાની સમજણ અને અનભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે.

10.8.1 જ્યારે લખાવવામાં આવે ત્યારે ટૂંકા વાક્યો લખે છે. (શ્રુતલેખન)

10.8.2 ચિત્રોને ક્રમમાં ગોઠવે છે અને ચોક્સાઈથી ચિત્રો સાથે ટૂંકા વાક્યો લખે છે.

10.8.3 ચિત્ર પુસ્તક પરથી અનુમાન કરીને વાર્તા લખે છે.

10.8.4 ઘટનાઓ અને અનુભવોને લેખિત સ્વરૂપે ટૂંકમાં વર્ણવે છે.

C 10.9 બાળસાહિત્યનાં વિવિધ પુસ્તકો લેવામાં અને વાંચવામાં રુચિ બતાવે છે.

10.9.1 કાલ્પનિક અને વાસ્તવિક એમ બંને પ્રકારના પુસ્તકો વાંચવામાં રસ દર્શાવે છે.

10.9.2 શાળા પુસ્તકાલયનાં પુસ્તકોની મરામત કરે છે અને વ્યવસ્થિત રીતે ગોઠવે છે.

# અનુક્રમણિકા

X2S2J8


| ક્રમ | એકમ | પાન નં. |
|---|---|---|
| ૧. | વાંસળી પાછળ આખું ગામ | ૧ |
| ૨. | મેળાની મજા | ૧૭ |
| ૩. | રમકડાં જ રમકડાં | ૩૨ |
| ૪. | શાણા શાણા સસ્સારાણા | ૪૬ |
| ૫. | વ્હાલા મારા ચાંદામામા | ૫૮ |

**મહાવરા**

| | | |
|---|---|---|
| ● | એકમ-૧ના વિશેષ મહાવરા માટે | ૭૬ |
| ● | એકમ-૨ના વિશેષ મહાવરા માટે | ૭૯ |
| ● | એકમ-૩ના વિશેષ મહાવરા માટે | ૮૨ |
| ● | એકમ-૪ના વિશેષ મહાવરા માટે | ૮૫ |
| ● | એકમ-૫ના વિશેષ મહાવરા માટે | ૮૮ |
| ● | મને આવડે છે | ૯૧ |


## યાદ રાખીશું



આ સંપુટમાં એકમ-૧થી ૫ ના અંતે વિદ્યાર્થીઓને સ્વમૂલ્યાંકન માટે તક આપવામાં આવી છે. વર્ગના વિદ્યાર્થીઓએ દરેક પ્રવૃત્તિ જે તે ક્રમમાં પૂરી કરી હોય તો તેઓ જાતે જ તે પ્રવૃત્તિ ક્રમ ઉપર ◯ કરે અને અધૂરી હોય તો ◡ કરે. જે વિદ્યાર્થીઓને તમામ પ્રવૃત્તિઓ પૂરી થઈ ગઈ હોય તેમને વિશેષ- જાતે કરી શકે તેવાં કામ સોંપો. જેમને બાકી રહી હોય તેવા વિદ્યાર્થીઓને તે અધૂરી પ્રવૃત્તિઓ પૂરી કરાવડાવો.

## પ્રવૃત્તિ જૂથ-૧ માટેની પૂર્વતૈયારી...

- વાર્તાનાં પાત્રોનાં મહોરાં - ઉંદર, સિંહ
- અક્ષરકાર્ડ - શ્ર, ક્ષ, જ્ઞ
- સંગીતનાં સાધનો
- ફુગ્ગા,
- શબ્દ અંક કાર્ડ
- લાર્જ સ્ટોરી બુક, ચિત્રકેલેન્ડર, અર્લીરીડર, પોસ્ટર, શબ્દમિલાપ પેટી, પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક, સ્લેટ-પેન, નોટબુક, ચિત્રપોથી, બોર્ડબુક



# ૧. વાંસળી પાછળ આખું ગામ

Z7X3U5

૧. તમારી સ્લેટ, દફતર ને બીજો સામાન દીવાલને અઢેલીને વ્યવસ્થિત મૂકી દો. તમારી જગ્યાએ જો કચરો પડ્યો હોય તો વીણી લો અને ફેરફુદરડી ફરવા તૈયાર થઈ જાઓ. તો ચાલો, ગીતડું ગાતાં ગાતાં ગોળ ગોળ ઘૂમીએ ને ગોળગોળ ફરતાં ફરતાં ગીત ગાઈએ.

ગાન કરાવતાં પહેલાં પૂછો.
(૧) ચિત્ર જુઓ. આ ગીત શાનું હોય એમ લાગે છે?
(૨) આ ચિત્રમાં બાળકો શું કરે છે?
૧. પઠન ૨. ગાન ૩. ઝીલગાન ૪. સમૂહગાન કરાવો.

ફરો ફરોને છોકરાં ફુદરડી
જેમ ફરે ઉંદરડા ઉંદરડી,
તેમ ફરોને છોકરાં ફુદરડી.
ફરે ચાંદો સૂરજ બે ઉંદરડા
પેલી તારલીઓ સૌ ઉંદરડી,
ફરો ફરોને છોકરાં ફુદરડી
ભાગો ભાગો ઉંદરડા ઉંદરડી.



- ત્રિભુવન વ્યાસ

- પ્રવૃત્તિ-૧ થયા પછી તરત જ બાળકોને પાના નં. ૧૯ પર 'આટલું તો આવડે છે.' માં '૧' પર ○ કે ◡ કરવા કહો. જરૂર જણાય તો અનુક્રમણિકાની નીચે આપેલ બોર્ડની સૂચના વાંચો.

૨. ઉંદર વાંસળી સાંભળે તો શું થાય? આપણે પણ સાંભળીએ અને વાતચીત કરીએ.

## વાંસળીવાળો



(૧) એક હતું ગામ. એમાં ઘણા ઉંદર.
ઘરમાં ઉંદર, બાગમાં ઉંદર,
પેટીમાં ઉંદર, કબાટમાં ઉંદર.




ઉંદર
↓
................

(૨) મોટા ઉંદર, નાના ઉંદર,
જાડા ઉંદર, પાતળા ઉંદર,
કાળા ઉંદર, ધોળા ઉંદર,
જ્યાં જુઓ ત્યાં ઉંદર જ ઉંદર!



(૩) સુખે ખાવા ન દે, સુખે પીવા ન દે,
સુખે બેસવા ન દે, સુખે ઊંઘવા ન દે,
સુખે ચાલવા ન દે, સુખે ફરવા ન દે.

યોગ્ય રીતે ગોઠવીને લખો : ગયો મનોજ નિશાળે. ................



(૪) આમ જાઓ તો ચૂં ચૂં ચૂં!
તેમ જાઓ તો ચૂં ચૂં ચૂં!
જ્યાં જાઓ ત્યાં ચૂં ચૂં ચૂં!

હવે શું કરવું ? હવે ક્યાં જવું ?
લોક બધા કંટાળ્યા.
એક દિવસ એક  આવ્યો.
જરાક જેટલી દાઢીવાળો,
લાંબા-લાંબા વાળવાળો;
લાલ ટોપી પહેરી છે,
પીળો ડગલો પહેર્યો છે.
લોક કહે, “ભાઈ! અમે તો કંટાળ્યા,
આ  થી હારી ગયા.
ઉંદર સઘળા કાઢો તમે,
હજાર રૂપિયા દઈએ અમે.”



**ચિત્ર જોઈને કહો કે હવે શું થશે?**

વાંસળીવાળો રસ્તા વચ્ચે ઊભો રહ્યો.
ને વાંસળી વગાડવા લાગ્યો.
પછી તો પૂછવું જ શું?

(૫) દોડતાં દોડતાં ઉંદરો આવવા લાગ્યા.
કોઈ નાચતા આવ્યા,
કોઈ કૂદતા આવ્યા;
કોઈ દોડતા આવ્યા,
કોઈ ઘસતા આવ્યા.







યોગ્ય જગ્યા છોડીને લખો : બધાસાપઝેરીહોતાનથી. ................................

(૯) ચારેકોર ઉંદર, ઉંદર;
ચારેકોર ચૂં ચૂં ચૂં!
વાંસળીવાળો આગળ ચાલે.
ઉંદર બધા પાછળ દોડે.

એટલામાં નદી આવી.
વાંસળીવાળો નદીમાં ઊતર્યો ને આગળ ચાલ્યો.
ઉંદર પણ નદીમાં ઊતર્યા.
વાંસળીવાળો નદી ઓળંગી ગયો,
ઉંદર બધા પાણીમાં તણાઈ ગયા.
લોક બધા રાજી થયા.

ચૂં ચૂં ચૂં!

↓






વાંસળીવાળો ગામમાં પાછો આવ્યો.
તે બોલ્યો, "લાવો ભાઈ, હજાર રૂપિયા."
લોકો કહે, "રૂપિયા કેવા ને વાત કેવી!
જા, છાનોમાનો ચાલ્યો જા!
ઉંદર મારવાના તે હજાર રૂપિયા હોય!"

- આગળના પાનાના અને આ પાનાનાં ચિત્રમાં શું જુદું છે?
- હવે શું થશે?



વાંસળીવાળો કાંઈ બોલ્યો નહિ.
તે લાગ્યો વિચારવા
જુદી રીતે માંડ્યો વગાડવા
પછી તો જે થયું...
એક છોકરું બહાર આવ્યું,
બીજું છોકરું બહાર આવ્યું,
ત્રીજું છોકરું બહાર આવ્યું,
બધાં છોકરાં બહાર આવ્યાં.
ઘરમાંથી આવ્યાં, બહારથી આવ્યાં,
નાનાં આવ્યાં, મોટાં આવ્યાં,
કાળાં આવ્યાં, ગોરાં આવ્યાં.
આમ જુઓ તો છોકરાં,
તેમ જુઓ તો છોકરાં!
કોઈ નાચતું આવ્યું, કોઈ કૂદતું આવ્યું,
કોઈ દોડતું આવ્યું, કોઈ ઘસતું આવ્યું.
ચારેકોર છોકરાં જ છોકરાં.
ચારેકોર હો... હો... હો...!
"અરે, ઊભાં રહો, ઊભાં રહો."
પણ છોકરાં શાનાં ઊભાં રહે?
એ તો ચાલ્યાં નદી તરફ.
લોક બધાં ગભરાયાં, રખેને છોકરાં પાણીમાં ડૂબી જાય!
દોડીને તે નદીએ આવ્યાં.
"લે, ભાઈ વાંસળીવાળા, લે તારા હજાર રૂપિયા ને જા હવે તું બીજે ગામ."
વાંસળીવાળો હજાર રૂપિયા લઈ ચાલતો થયો.

## વાતચીત

- તમે રાજી થયાં? શા માટે?
- તમે ઉંદર ક્યાં ક્યાં જોયા છે?
- ઉંદર પકડવા શું શું કરી શકાય?
- ઉંદર અને બાળકો શું સાંભળીને વાંસળીવાળાની પાછળ પાછળ જાય છે?
- ઉંદર પાણીમાં તરે કે ડૂબે?
- તમને ઉંદર ગમે કે ન ગમે? કેમ?
- તમને હજાર રૂપિયા મળે તો શું કરો?
- વાંસળી સાંભળો. ઉંદરની જેમ અને છોકરાની જેમ ચાલી બતાવો. તમારા શિક્ષક જે સંભળાવે એ આંખો બંધ કરીને સાંભળો.

ખોટી વિગત પર વર્તુળ કરો : ગાયને બે પગ હોય છે.

૩. ઝીલવાંચન કરો. તે પછી સમૂહમાં મોટેથી વાંચો.

**વાંચન માટેનાં વાક્યો**

- પાન નં. ૧ પરથી : સુખેથી... ફરવા ન દે.
- પાન નં. ૨ પરથી : જરાક જેટલી... ... ડગલો પહેર્યો છે.
- પાન નં. ૩ પરથી : ઉંદર પણ નદીમાં... ... બધા રાજી થયા.
- પાન નં. ૪ પરથી : એક છોકરું... ... બહાર આવ્યાં.

ઢોલ, તબલાં, વાંસળી, હાર્મોનિયમ જેવાં વાજિંત્રોના સૂરની ક્લિપ વિદ્યાર્થીઓને સંભળાવો. તે વાજિંત્ર કયું છે તેની માહિતી આપો. પ્રાર્થના સંમેલનમાં ઉપયોગમાં લેવાતાં સંગીતના સાધનો વર્ગમાં લાવી વિદ્યાર્થીઓને તે વગાડવા આપો.

૪. સાચું હોય તો તાળી પાડો, ખોટું હોય તો ફરરર... બોલો.



૧. ઉંદરો કોઈને ઊંઘવા દેતા ન હતા.

૨. બધા જ ઉંદરો સરખા દેખાતા હતા.

૩. વાંસળીવાળાએ બંને વખતે એકસરખી રીતે વાંસળી વગાડી.

૪. ગામલોકોએ વાંસળીવાળાને હજાર રૂપિયા આપવા પડ્યા.

૫. ઉંદરોથી ગામલોકો સુખી હતા.

૬. વાંસળીનો અવાજ બાળકોને જરાય ગમતો ન હતો.

૭. વાંસળીવાળો એ જ ગામમાં રહેવા લાગ્યો.

૮. બધા જ ઉંદરો પાણીમાં ડૂબી ગયા.

**ચાલો, ગાઈએ:**

ફરો ફરોને છોકરાં ફુદરડી...

૫. જોડીમાં કામ કરો.
વાર્તામાં જોઈને વાક્યો પૂરાં કરો.

(૧) મોટા ઉંદર, ________ ઉંદર

________ ઉંદર, ________ ઉંદર

પાના નં. ૧ પરથી

યોગ્ય શબ્દ જોડીને લખો : મા રાગામ નુંનામ રામન ગર છે. ________

(૨) દોડતાં દોડતાં ઉંદરો આવવા લાગ્યા.

કોઈ ______ આવ્યા, કોઈ ______ આવ્યા;

______ દોડતા આવ્યા, ______ ઘસતા આવ્યા.

પાના નં. ૨ પરથી

(૩) કોઈ નાચતું આવ્યું, કોઈ ______ આવ્યું.

કોઈ ______ આવ્યું, કોઈ ______ આવ્યું.

પાના નં. ૪ પરથી

## ૬. ભાવવાહી વાચન કરો.

- કેટલાક વિદ્યાર્થીઓને વર્ગ સમક્ષ બોલાવી દરેક સંવાદનું વારાફરતી ભાવવાહી પઠન કરાવો.
- હવે, વર્ગને જૂથમાં બેસવા કહો અને આ સંવાદોનું ભાવવાહી પઠન કરવા કહો.
- પાન નં. ૩ પરથી : તે બોલ્યો, "લાવો…
  … હજાર રૂપિયા હોય!"
- પાન નં. ૪ પરથી : ઘરમાંથી આવ્યાં, …
  … જુઓ તો છોકરાં!
- પાન નં. ૪ પરથી : "લોક બધાં ગભરાયાં…
  … રૂપિયા લઈ ચાલતો થયો.





## ૭. વાંચો, એ મુજબ અભિનય કરો.

૧. વાંસળી વગાડતાં વગાડતાં ચાલો.
૨. પગ કે કપડાંનો અવાજ ન થાય તેમ ચાલો.
૩. નદીમાં ડૂબવાથી બચવા માગતા ઉંદરનો અભિનય કરો.
૪. શિક્ષકની જેમ પાછળ ચાલો/દોડો/કૂદો.

યોગ્ય શબ્દ જોડીને વાંચો : તીખુખા ધાપછી જ લ્પાનાકા નમાં થીધુ માડા નીકળ્યા.



૮. તમે વાંસળીવાળાની વાર્તા સાંભળી હતીને? એ વાર્તાને એક પછી એક ચિત્ર પ્રમાણે ગોઠવીએ તો કયું ચિત્ર સૌથી પહેલું આવે? બીજું કયું આવે? એ પ્રમાણે ચિત્રોને ક્રમ આપો અને ચિત્રોને ક્રમમાં ગોઠવતા જઈ વાર્તા કહો.









યોગ્ય શબ્દ જોડીને વાંચો : કાચીકે રીઉ પર મીઠુંમ રચું ભભ રાવી ખાવુંગ મે.



## ૯. ચિત્ર દોરવાનાં પગથિયાં જુઓ.

સૌથી પહેલાં પહેલા ચિત્રમાં, પછી બીજા ચિત્રમાં, ત્યાર બાદ ત્રીજા ચિત્રમાં રંગ પૂરો. તે ચિત્રને તમને ગમતું નામ આપો. (ચિત્રપોથીનો ઉપયોગ કરો.)

બાળકોને બોર્ડ પર એક નમૂનો દોરી બતાવો. તેમાં ક્રમ મુજબ ચિત્ર દોરો. આ સિવાયનાં ચિત્રો દોરવા પણ કહો. પ્રશ્નો પૂછો. (૧) બીજા ચિત્રમાં શું ઉમેરાયું? (૨) ત્રીજા ચિત્રમાં શું ઉમેરાયું?

નામ



(૧) (૨) (૩)



(૧) (૨) (૩)



(૧) (૨) (૩)



(૧) (૨) (૩)



(૧) (૨) (૩)

યોગ્ય શબ્દ જોડીને લખો : સમ જુબક રીઓ શાંતિથી ર સ્તો કાઢે.

## ૧૦. વાર્તા બનાવો અને કહો

વિદ્યાર્થીઓનાં પાંચ-પાંચનાં જૂથ બનાવો. ઉંદર અને સિંહના પાત્ર દ્વારા વાર્તાની ઘટના વિચારવા કહો. ત્યાર બાદ જૂથમાં બનાવેલી વાર્તા કે ઘટના વર્ગમાં કહેવડાવવી.

## ૧૧. ગીત ગાઓ : આ મુજબ કરો. (૧) પઠન (૨) ગાન (૩) ઝીલગાન (૪) સમૂહગાન

### મેં તો ફુગ્ગો પાળેલ છે!

કોઈ પાળે **કુરકુરિયું** ને કોઈ પાળે ગાય,
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે! (૧)
ફુગ્ગામાંથી બને કબૂતર, ફુગ્ગામાંથી **ચક્કો**,
ફુગ્ગામાંથી બનતો જોકર એની માથે **ટક્કો**.
દોરી સાથે બાંધું તો અધ્ધર અધ્ધર જાય..
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે! (૨)
લાકડી ઉપર બાંધુ તો ફુગ્ગો વાજું થાય,
સાઈકલ સાથે બાંધું તો મારી સાઈકલ **સ્કૂટર** થાય.
ખિસ્સામાં મૂકું તો છાનોમાનો સૂઈ જાય...
એ ભાઈ... એ ભાઈ... એ ભાઈ ભાઈ ભાઈ
મેં તો ફુગ્ગો પાળેલ છે! (૩)

-રમેશ પારેખ



..........



..........



..........



કુરકુરિયું



..........



..........



..........

### વાતચીત

- હવા ભરીને બનાવેલાં કયાં રમકડાં તમે જોયાં છે?
- તમે કોઈ પ્રાણી/પક્ષી પાળ્યું છે?
- તમે કુરકુરિયું જોયું છે? ક્યાં? તે શું કરતું હોય છે?
- જાગતો ફુગ્ગો કેવો હોય? અને સૂતો ફુગ્ગો કેવો હોય?
- ખિસ્સામાં બીજું શું શું સૂઈ જાય છે?
- પાળેલા ફુગ્ગામાં અને ન પાળેલા ફુગ્ગામાં શો ફરક હોય છે?
- તમે લાવેલા ફુગ્ગામાંથી આ મુજબ કરોઃ
  (૧) જોકર બનાવો. (૨) વાજું બનાવો. (૩) સાઈકલના પૈડા નજીક બાંધી સ્કૂટર બનાવો.
  (૪) આ ગીતમાં ન કહ્યું હોય તેવી બીજી વસ્તુ બનાવો.



યોગ્ય શબ્દ જોડીને વાંચો : હવેમ નેસર સરીતે લ ખતાં આવ ડેછે.

## ૧૨. લખો : ક્યાં જોયું? કેવું હતું?

ઉદાહરણ જુઓ.

ચિત્ર જોઈ તેના વિશે લખો.

૧. 

મેં જંગલમાં એક મોટું શિયાળ જોયું. હું શિયાળ જોઈને ડરી ગયો. શિયાળ પણ મને જોઈને ડરી ગયું.

૨. 

૩. 

૪. 

૫. 

૬. 

૭. 

મેં રાત્રે ઘુવડ જોયું. ઘુવડ ઝાડ પર હતું.

ઘુવડની પૂંછડી સાવ નાની હતી.

યોગ્ય શબ્દ જોડીને વાંચો : સૂ રજઅ નેચંદા લ ખોટી જેવાછે.

## ૧૩. ફુગ્ગાની રમત

### ફુગ્ગમ ફુગ્ગા

એક ફુગ્ગો ફુલાવો. વર્ગના ત્રણ વિદ્યાર્થીઓને એકસાથે ઊભા કરી તે ફુગ્ગાને હવામાં ઉછાળવા કહો.
બાકીના વિદ્યાર્થીઓ તે ટીમે ફુગ્ગો કેટલી વાર ઉછાળ્યો તે ગણશે. ફુગ્ગો નીચે પડી જાય એટલે બીજી ટીમનો વારો આવશે.

## ૧૪. લખો :

| | | |
|---|---|---|
|  | અહીં ત્રણ ફુગ્ગા છે. | |
|  | નિમેષ પાસે નવો મોબાઈલ છે. | |
|  | હું પુસ્તક વાંચીશ. | |
|  | શ્રીકૃષ્ણ વાંસળી વગાડે છે. | |
|  | ઋષિમુનિઓ યજ્ઞ કરતા હતા. | |

## ૧૫. વાંચો

દક્ષા દોડી, દક્ષા સાથે શ્રદ્ધા દોડી. દક્ષા અને શ્રદ્ધાને જોઈ પ્રજ્ઞા દોડી. દોડતાં દોડતાં પ્રજ્ઞાએ શ્રદ્ધાને પૂછ્યું, "શ્રદ્ધા, તું કેમ દોડે છે?" શ્રદ્ધા કહે, "આ દક્ષા દોડે છે, એટલે." પ્રજ્ઞાએ મોટા અવાજે દક્ષાને પૂછ્યું, "દક્ષા, તું કેમ દોડે છે?" દક્ષા કહે, "શ્રેયાએ મને કહેલું કે, દોડ, તારી પાછળ ભમરો પડ્યો છે." દોડતાં દોડતાં પ્રજ્ઞાએ કહ્યું, "પણ પાછળ કોઈ ભમરો નથી," અને ફટાક્ કરતી ત્રણેય ઊભી રહી ગઈ. પછી ખડખડાટ હસી પડી. પ્રજ્ઞાએ કહ્યું, 'અલી, એમ કોઈ કહે એટલે દોડવા ના મંડાયને!'

ફકરામાંથી શ્ર, ક્ષ, જ્ઞ આવતો હોય તે શબ્દ નીચે લીટી કરવાનું કહો. ત્યાર બાદ તે શબ્દોનું ત્રણ ત્રણ વખત ઝીલવાચન કરાવવું અને નીચેના કોઠામાં લખાવવા.

શબ્દ છૂટા પાડી વાંચો : રૂમાલવડેપેરાશૂટબનાવીશકાય.

## લખો

| શ્ર | ક્ષ | જ્ઞ |
|---|---|---|
| આશ્રમ | | |
| | | |
| | | |

## ૧૬. વાંચો અને લખો.

(૧) શિક્ષકના પર્સમાંથી દેડકો નીકળ્યો.

(૨) દેડકો કૂદીને મારા જેવડો થઈ ગયો.

(૩) દેડકાએ વાંસળીવાળાની વાંસળી લઈ લીધી.

(૧) કીડીના ચટકાથી ફુગ્ગો ફૂટી ગયો.

(૨) ફુગ્ગા પર બેસી કીડી ફોરેન ઊડી.

(૩) ફુગ્ગાથી ઊડીને કીડી ફોરેનમાં પડી.

## ૧૭. શોધી કાઢો.

'વાંસળીવાળો' વાર્તામાંથી પાંચ વાક્યો બોર્ડ પર લખો. મોટેથી વાંચી સંભળાવો. ત્યાર બાદ બાળકોને જૂથમાં બેસી તે વાક્યો વાર્તામાંથી શોધી તેની નીચે લીટી કરવા કહો. વારાફરતી એ વાક્યો વંચાવો.



શબ્દ છૂટા પાડી વાંચો : બધાઉંદરવાંસળીવાળાપાછળજવાલાગ્યા.

## ૧૮. વાંચો અને ક્રમમાં ગોઠવો. ફરી ક્રમમાં લખો અને વાંચો.



| | | |
|---|---|---|
| ☐ | હું શાળાએ જવા નીકળી. | |
| ☐ | ભાઈએ બૂટની દોરી બાંધી આપી. | |
| ☐ | બૂટમાં પગ નાખ્યા. | |
| ☐ | બૂટ કપડાથી સાફ કર્યા. | |
| ☐ | મેં ખૂણામાંથી બૂટ લીધા. | |

| | | |
|---|---|---|
| ☐ | કબાટ બંધ કર્યું. | |
| ☐ | કાંસકાથી વાળ ઓળ્યા. | |
| ☐ | કબાટ ખોલ્યું. | |
| ☐ | અરીસા સામે ઊભો રહ્યો. | |
| ☐ | કાંસકો લીધો. | |
| ☐ | જરાક હસ્યો. | |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________

## ૧૯. ઉદાહરણ જુઓ. દરેક અંક માટેનો અક્ષર યોગ્ય રીતે મૂકીને શબ્દો બનાવો.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ત | ટ | દ | ર | સ | વા | બા | યા | રાં |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| વાં | છો | જો | પિ | ળી | ઉં | જૂ | બૂ | રૂ | સ્કૂ |

| ૭ . ૧૭ | ૧ . ૮ . ૩ | ૧૧ . ૬ . ૧૫ | ૧૨ . ૧ . ૧૦ | ૨૦ . ૩ . ૫ |
|---|---|---|---|---|
| | કબાટ | | | |



શબ્દ છૂટા પાડી વાંચો : વાંસળીવાળોહજારરૂપિયાલઈજતોરહ્યો.

૧૬ . ૪ . ૫ ૧૯ . ૧૪. ૯ ૧૩ . ૧ . ૫ ૧. ૧૮ . ૨ . ૫

- તમે જે શબ્દો બનાવ્યા તે જવાબ છે. નીચેના પ્રશ્નોની સામે યોગ્ય જવાબ લખો.

૧. ગામલોકો શાના કારણે દુ:ખી હતા?

૨. ઉંદર ક્યાં ભરાઈ રહેતા હતા?

૩. વાંસળી સાંભળી વાંસળીવાળા પાછળ કોણ કોણ ગયાં?

૪. છોકરાં બચાવવા ગામલોકોએ વાંસળીવાળાને શું આપ્યું?

૫. ફુગ્ગાને લાકડી પર બાંધતાં એ શું બની જાય?

૬. ફુગ્ગાને સાઈકલ સાથે બાંધતાં એ શું બની જાય?

૭. ફુગ્ગામાંથી બીજું શું બને છે?

- આવી રમત અવારનવાર બીજા મૂળાક્ષરો વડે રમાડતા રહેવું.



## ૨૦. આ કેવી રીતે દોરીશું?



૧. એંશી લખો.
૨. ૮ના ઉપરના છેડાને અડીને બે ટોપી દોરો.
૩. ૮ના નીચેના છેડાને અડાડીને ચાર ચોગડા દોરો.
૪. આ ચિત્ર શાનું લાગે છે? ચિત્ર પૂરું કરો.



શબ્દ છૂટા પાડી લખો : રમેશેકાગળમાંથીતપેલીબનાવી.

## ૨૧. ફન પેજ :

- બંને ચિત્રોને જુઓ. બંને વચ્ચેના તફાવત શોધો. વારાફરતી એક-એક તફાવત વર્ગ સમક્ષ કહો.




## ૨૨. ફરી યાદ કરીએ...



એકમ-૧ પૂરો થયા પછી “ફરી યાદ કરીએ...!” એવા શીર્ષક હેઠળ પ્રશ્નો આપ્યા છે. તેનો ઉદ્દેશ બાળકો સાથે વાતચીત કરી, તેઓ શું શીખ્યાં ? કેવી રીતે શીખ્યાં ? શામાં મજા પડી ? શું ન ગમ્યું ? શું કરવાનું બાકી છે ? કેવી રીતે કરીશું ? જેવી બાબતો પ્રત્યે સભાન કરવાનો છે.

(૧) કયું ગીત ગાવાની વધુ મજા પડેલી?

(૨) કઈ પ્રવૃત્તિ કરવાની મજા પડી?

(૩) સાઈકલમાંથી સ્કૂટર કોણે બનાવ્યું? કેવો અવાજ આવતો હતો?



શબ્દ છૂટા પાડી વાંચો : નીલેશનાઘરેજૂનાઘડામાંતુલસીઉછેર્યાંછે.

(૪) ઉંદર પકડવાની જુદી રીત કોણે કહી હતી?

(૫) ચશ્માં દોરવાં હોય તો પ્રવૃત્તિ-૯ની જેમ પહેલાં શું દોરવું પડે?

(૬) ‘વાંસળીવાળો’ વાર્તા તમે ઘરે જઈ કહી હતી? કોને? તેમને ગમી હતી? તેમણે શું કહ્યું હતું?

## ૨૩. હસહસાટ

**દાદીએ પપૈયું કાપી, તેની એક ચીર ડીશમાં મૂકી.**
**બીજામાં ભણતી ઋતાએ કહ્યું, “દાદી, રશ્મિબેનને આવડી મોટી ચીર!”**
**દાદીએ કહ્યું, “ના બેટા, આ તો તારા માટે છે.”**
**ઋતાએ કહ્યું, “બસ બા, આવડી નાની ચીર!”**






| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | | |

### એકમ-૨ માટેની પૂર્વતૈયારી...

- ચિત્ર કૅલેન્ડર
- શબ્દપત્તાં, દડો
- ચિત્રવાર્તા પુસ્તિકા
- અર્લી રીડર
- નોટબુક, સ્લેટ-પેન
- અક્ષરકાર્ડ ષ, ત્ર, જ્ઞ
- ચિત્રકાર્ડ
- અંકકાર્ડ
- બોર્ડબુક
- ચિત્રપોથી

શિક્ષકની સહી : .......................... વાલીની સહી : ..........................
તારીખ : .......................... તારીખ : ..........................

શબ્દ છૂટા પાડી વાંચો : બેમોઢાંવાળીપેનવડેલખવાનીમજાપડે.

# ૨. મેળાની મજા

T8U1C9

૧. ચાલો, ગીતડાં ગાઈએ. (૧) પઠન (૨) ગાન (૩) ઝીલગાન (૪) સમૂહગાન કરાવો.

### ૧. બાળક બોલે

અકલમ ચકલમ ચમચમ
બાળક બોલે બમબમ
ચકલમ પકલમ પમપમ
બાળક બોલે બમબમ.
મકલમ ટકલમ ટમટમ
બાળક બોલે બમબમ.
વાંદરો બોલે ______
કાગડો બોલે ______

### ૨. દાદાનો ડંગોરો...

દાદાનો ડંગોરો લીધો,
તેનો તો મેં ઘોડો કીધો,
ઘોડો ચાલે રૂમઝૂમ,
ધરતી ધ્રૂજે ધમધમ,
ધમ ધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય,
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ !



- ત્રિભુવન વ્યાસ



● ઉમેરતાં જાઓ, ગાતાં જાઓ.

૨. ચિત્ર જુઓ. વાતચીત કરો. (ચિત્ર કૅલેન્ડરનો ઉપયોગ કરો.)



શબ્દ છૂટા પાડી લખો : જીગીષાપાછળભમરોપડ્યો.

## વાતચીત

- તમે મેળો જોયો છે? ક્યાં?
- એ મેળામાં તમે શું જોયું હતું?
- આ ચિત્રમાં શું શું દેખાય છે?
- ચકડોળની બાજુમાં શું છે?
- તમે મેળામાં શાની દુકાન કરો?
- તમે મેળામાં કેવા ચકડોળમાં બેસવાનું પસંદ નહિ કરો?
- તમે મેળામાં છૂટા પડી જાઓ તો શું કરશો?
- તમે મેળામાં કોની સાથે જવાનું પસંદ કરશો? શા માટે?
- ફુગ્ગાવાળા સાથે છોકરો શી વાત કરતો હશે?
- બંગડીવાળા ભાઈ સાથે છોકરી શી વાત કરતી હશે?
- તમારી પાસે સો રૂપિયા હોય તો તમે શું કરો/ખરીદો/ખાઓ?
- આ ચિત્ર વિશે ઘરે મિત્રો/મોટેરાં સાથે વાત કરો.

**બીજા દિવસે વિદ્યાર્થીઓને પૂછો કે ચિત્ર વિશે ઘરે શી વાત કરી હતી? કોની સાથે વાત કરી હતી?**

## ૩. વાંચો અને છેકો :



**વિદ્યાર્થીઓને ત્રણના જૂથમાં બેસાડો. એક-એક વાક્ય વાંચતા જાઓ. વિદ્યાર્થીઓને ચિત્રના આધારે તે સાચું છે કે ખોટું તે નક્કી કરવાનું કહો. ખોટાં વાક્યો છેકી નાખવા કહો.**

- ચિત્રમાં દસ ફુગ્ગા છે.
- મેળામાં મીઠાઈની દુકાન છે.
- મેળામાં જોકર દેખાય છે.
- એક જ દુકાનમાં રમકડાં મળે છે.
- મેળામાં નિશાન તાકવાની દુકાન નથી.
- એક દુકાનમાં કપડાંનો સેલ છે.
- મેળામાં એક ભાઈ સાઈકલ પર આઈસક્રીમ વેચે છે.
- મેળામાં વાંસળી વેચવાવાળો છે.
- બંગડીવાળાની દુકાનમાં બે ડમરુ છે.




(પઠન, ઝીલવાચન, વ્યક્તિગત મુખરવાચન)

### દાદા જ જોઈએ

વાત્રકનગરમાં આનંદમેળો હતો. બધાં મેળામાં જવાની વાતો કરતાં હતાં. યજ્ઞ એના દાદા ત્રિકમદાસ સાથે આનંદમેળામાં ગયો. તે બહુ ખુશ હતો.



શબ્દ છૂટા પાડી લખો: અમેતોભાઈએકફુગ્ગોપાળ્યો છે. ____

યજ્ઞ તો સીધો રમકડાંની દુકાને ઊભો રહ્યો. તેણે કહ્યું : “દાદા, મને આ રમકડું લઈ આપો!” દાદા કહે : “કોઈ રમકડું લેવાનું નથી!”

દાદાએ રમકડું ન લઈ આપ્યું. યજ્ઞ રિસાઈ ગયો. એટલામાં તેણે મોટું ચકડોળ જોઈને કહ્યું : “દાદા, મારે પેલા મો...ટા ચકડોળમાં બેસવું છે.” દાદા આ વખતે રાજી થઈને કહે : “ભલે! તું અહીં ઊભો રહે! હું ટિકિટ લઈને આવું.” યજ્ઞને ઊભો રાખીને દાદા ટિકિટ લેવા ગયા. દાદા ટિકિટ લઈને આવ્યા. તેમણે યજ્ઞને ત્યાં ન જોયો. દાદા હાંફળાફાંફળા થઈને યજ્ઞને શોધવા લાગ્યા.



આ તરફ યજ્ઞ રડતો હતો. એક પોલીસઅંકલે તેને રડતો જોયો. તેમણે પૂછ્યું : “તારું નામ શું છે? તું કોની સાથે આવ્યો છે?”

યજ્ઞએ કહ્યું : “દાદા સાથે આવ્યો છું. મારા દાદા ખોવાઈ ગયા છે.”

પોલીસઅંકલે કહ્યું : “ચિંતા ન કરીશ. હું તને તારા ઘેર પહોંચાડીશ. તું ક્યાં રહે છે?”

યજ્ઞએ રડતાં રડતાં કહ્યું : “વાત્રકનગર, આશિષ સોસાયટી. મારા દાદાનું નામ ત્રિકમદાસ છે.” આ સાંભળી પોલીસઅંકલ કહે : “હું તારા દાદા ત્રિકમભાઈને ઓળખું છું. હું તારા દાદા શોધી આપીશ.”

પોલીસઅંકલે તેને સમજાવતાં કહ્યું : “તારા દાદા આટલામાં જ ક્યાંક હશે. ત્યાં સુધી લે, આ ચણાજોરગરમ ખા.”

યજ્ઞએ રડતાં રડતાં કહ્યું : “ના, મારે કશું ખાવું નથી. મારે દાદા પાસે જવું છે.”

થોડી વારમાં રમકડાંની દુકાન આવી ગઈ. પોલીસઅંકલે કહ્યું : “હું તને રમકડું અપાવું.” યજ્ઞ કહે : “ના, મારે રમકડું નથી જોઈતું. મારે તો દાદા પાસે જવું છે.”

પોલીસઅંકલ વારંવાર યજ્ઞને રમકડું લેવા સમજાવતા હતા. યજ્ઞ રડતાં રડતાં બોલ્યો : “મારે દાદા જ જોઈએ, બીજું કંઈ જ જોઈતું નથી!”

## વાતચીત

- તમને પોલીસઅંકલ ગમ્યા? કેમ?
- તમે કે તમારાં ભાઈ-બહેન ક્યારેય ખોવાયાં છો?
- તમે ખોવાઈ જાઓ તો શું કરો?
- જે મેળામાં ગયા હોય તે હાથ ઊંચો કરે. ત્યાં તમે શું શું જોયું?
- તમે મેળામાંથી જીદ કરીને શું લીધું હતું?
- યજ્ઞ રડતાં રડતાં શું બોલતો હતો?

મિત્રને પૂછો : થોડું ખાઉં તો ધરાઈ જાઉં, વધુ ખાઉં તો ફાટી જાઉં. (જવાબ માટે ૪૦+૧૦ = ........ પર જાઓ.)

- તમે હવે મેળામાં જશો ત્યારે શું શું લેશો?
- યજ્ઞે કયું રમકડું માગ્યું હશે?
- પોલીસઅંકલે રમકડું લઈ આપવાનું કહ્યું તો પણ યજ્ઞે કેમ ન લીધું?
- તમે કોની સાથે મેળામાં ગયા હતા?
- યજ્ઞ દાદા પાસે પહોંચ્યો હશે?
- દાદા મળી ગયા ત્યારે શું થયું હશે?



**૫. વાર્તામાંથી શોધો, સાંભળો, ઝીલવાંચન કરો.**

૧. યજ્ઞ તો ... લેવાનું નથી!''

૨. દાદા ટિકિટ લઈને ... યજ્ઞને શોધવા લાગ્યા.

૩. થોડી વારમાં રમકડાંની ... તો દાદા પાસે જવું છે.

**૬. ભાવવાહી વાંચન કરો.**

- આ સંવાદોનું ભાવવાહી પઠન કરો. કેટલાક વિદ્યાર્થીઓને વર્ગ સમક્ષ બોલાવી દરેક સંવાદનું વારાફરતી ભાવવાહી પઠન કરાવો.
- હવે, વર્ગને જૂથમાં બેસવા કહો અને આ સંવાદોનું ભાવવાહી પઠન કરવા કહો.

(૧) યજ્ઞ રિસાઈ.... ટિકિટ લઈને આવું?

(૨) પોલીસઅંકલે તેને સમજાવતાં....

.... દાદા પાસે જવું છે.''



**૭. અભિનય કરો.**

૧. દાદા પાસે રમકડું માગવું.
૨. પોલીસ સાથે વાતચીત.
૩. રમકડું લેવાની ના પાડવી.
૪. દાદાનું મળી જવું.

**૮. વાર્તાના આધારે બંધબેસતા જવાબ સામે ☺ની નિશાની કરો.**

૧. દાદા <u>હાંફળાફાંફળા</u> થઈને એટલે

- [ ] ઉતાવળા થઈને
- [ ] ચિંતાતુર થઈને
- [ ] ખુશ થઈને
- [ ] ગભરાઈને

૨. <u>ચણાજોરગરમ</u> <u>ખા</u> એટલે

- [ ] ગરમ મમરા ખા
- [ ] સિંગદાળિયા ખા
- [ ] દાબેલા ચણા ખા
- [ ] જોરથી ચણા ખા

૯. ધ્યાનથી સાંભળો.

શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ કેટલાક શબ્દો બોલવા. જો શબ્દોમાં ષ, ત્ર, જ્ઞ આવતો હોય તો વિદ્યાર્થી તાળી પાડશે.

૧૦. 'અક્ષરથપ્પો' રમો.

'ષ', 'ત્ર', 'જ્ઞ'નાં ફ્લૅશકાર્ડ બનાવી અને તે અક્ષર બોલીને વિદ્યાર્થીઓને અક્ષરોનો પરિચય કરાવો.

- આઠ વિદ્યાર્થીઓને ષ, ત્ર, જ્ઞ, રૂ, અ, પ, ઋ, ઉ -નાં ફ્લૅશકાર્ડ પહેરાવી વર્ગમાં દીવાલની નજીક છૂટાં છૂટાં ગોઠવી દો.
- વર્ગના બાકીના વિદ્યાર્થી વર્ગની વચ્ચે બેસશે. તેમાંથી આઠ વિદ્યાર્થીને કોઈ એક અક્ષરની રમત રમવા ઊભા કરો.
- તમે ખંજરી કે ઘૂઘરો વગાડો. તે વગાડવાનું બંધ કરી તમે જ એક અક્ષર બોલો તે અક્ષરવાળા વિદ્યાર્થી પાસે પેલા આઠ રમનારા વિદ્યાર્થીએ જવાનું છે તેમ અગાઉથી સૂચના આપો.
- ઉપરની સૂચના પ્રમાણે ખંજરી/મંજીરાં વગાડો, બંધ કરીને અક્ષર બોલો.
- રમનારા આઠ વિદ્યાર્થીઓ તે અક્ષર ઓળખી શક્યા કે નહિ તે વચ્ચે બેઠેલા વિદ્યાર્થીઓને નક્કી કરવા કહો.
- હવે, તે આઠ વિદ્યાર્થીઓને બેસાડી દઈ બીજા આઠ વિદ્યાર્થીઓને ઊભા કરી બીજા કોઈ એક અક્ષરની રમત રમાડો.
- આમ વારાફરતી દરેક અક્ષરની રમત રમાડો.

૧૧. અહીં આપેલા શબ્દોમાં 'ત્ર' અક્ષર પર ◯ કરો, 'ષ' અક્ષર પર ▭ કરો અને 'જ્ઞ' અક્ષર પર △ કરો.

પોષ પત્ર યજ્ઞ ભવન

ત્રણ જળ જ્ઞાન સરસ ઔષધ

ખમાજ ત્રાસ તપ યાજ્ઞસેની ષટ્કોણ

પોષણ પોષક વાત્રક દાન

લખ નખ ત્રાટક જ્ઞાની

૧૨. 'ત્ર', 'ષ' કે 'જ્ઞ' અક્ષર આવતા હોય તેવા શબ્દો વાર્તામાંથી શોધી તેની નીચે લીટી કરવા કહો.



મિત્રને પૂછો : બે ભાઈ વચ્ચે એક મુખ. (જવાબ માટે ૫૦+૩=........ પર જાઓ.)




**સંગીત સાથે ગાન અને અભિનય કરાવો.**

ચાલો, જોવા જઈએ મેળો, ચાલો, જોવા જઈએ,
મેળામાં મજા કરીશું, ચાલો, જોવા જઈએ...
મેળામાં જઈ શું શું કરશું ? ચકરચકર **ચગડોળ**માં ફરશું,
**લાકડા**ના હાથી પર બેસશું... ચાલો, જોવા...
મેળામાં જઈ શું શું ખાશું ? **તીખીમીઠી** ભેળ ખાશું,
ઠંડો ઠંડો **આઈસક્રીમ** ખાશું... ચાલો, જોવા...
મેળામાં જઈ શું શું લેશું ? બહેન માટે બંગડી લેશું,
ભાઈ માટે **ભમરડો** લેશું, **મમ્મી** માટે માળા લેશું,
પપ્પા માટે પાકીટ લેશું; ચાલો, જોવા જઈએ મેળો.

## વાતચીત

- ગીતની કઈ લીટી ગાવી તમને ખૂબ ગમી? કેમ?
- તમે મેળામાં ખોવાઈ જાઓ તો કોને મળશો?
- તમારા આજુબાજુ ક્યાં ક્યાં ગામોમાં મેળો ભરાય છે? ક્યારે ક્યારે?
- મેળામાં જઈને તમે શું કરશો?
- મેળામાં બીજું શું શું મળે?
- આઈસક્રીમ બનાવવા શું શું જોઈએ?
- મેળામાં એવું શું થઈ શકે જે બજારમાં નથી થઈ શકતું?
- મેળા વિશેનું બીજું કોઈ ગીત તમે સાંભળ્યું છે? કયું?
- ગીતમાં દાદા માટે... લઈશું, દાદી માટે .... લઈશું, કાકા માટે... લઈશું, એમ મૂકી ગીત ગાઓ.

## ૧૪. વાક્ય સુધારી ફરી લખો.

૧. તીખોમીઠો આઈસક્રીમ ખાશું.

૨. ભમરડા માટે ભાઈ લઈશું.

૩. માસી માટે માળા લઈશું.

૪. ચકરચકર ભમરડામાં ફરશું.

મિત્રને પૂછો : ભર્યા કૂવામાં પાંચશેરી તરે. (જવાબ માટે ૫૦+૫=........ પર જાઓ.)

**૧૫. 'ચાલો, જોવા જઈએ મેળો...' ગીતમાંથી આ શબ્દો શોધી કાઢો.**



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ડીગબં | બંગડી | ૪. | ળડોગચ | |
| ૨. | ઠીમીખીતી | | ૫. | રકચરકચ | |
| ૩. | ડોરમભ | | ૬. | ટકીપા | |

**૧૬. 'વાંચીમાર' રમત રમો. શબ્દો વાંચી તેને દડો મારી પાડી દો.**

- આખો વર્ગ જોઈ શકે તે રીતે શબ્દપત્તાં એક હરોળમાં ઊભાં ગોઠવો. જેમ કે, શ્રમ, ઋષિ, રૂઆબ, દક્ષિણ, શ્રીમાન, વૃક્ષ, પુત્ર, રૂમાલ, પત્ર, ત્રેતાયુગ, ત્રેપન.
- એક વિદ્યાર્થીને આગળ બોલાવી દડો આપો. વિદ્યાર્થીને બધા શબ્દ ધ્યાનથી જોઈ લેવા કહો.
- વિદ્યાર્થી જોઈ લે પછી તમે કહેશો શ્રમ. વિદ્યાર્થીએ 'શ્રમ' લખેલા શબ્દપત્તા પર દડો મારવાનો થશે.
- વર્ગના બાકીના વિદ્યાર્થીઓ દડો મારનાર વિદ્યાર્થીને શબ્દ ઓળખવામાં મદદ કરી શકે.
- આવી રીતે શબ્દો બદલીને રમત રમાડો.



**૧૭. 'દાદા જ જોઈએ' વાર્તામાંથી શોધો અને લખો.**

| માણસો | જગ્યાઓ |
|---|---|
| | |
| | |
| | |
| | |



**૧૮. નીચે આપેલાં વાક્યો વાંચો.**

એક વાર મોટેથી વાંચો. ઝીલવાંચન કરાવો. વિદ્યાર્થીઓને જૂથમાં વાંચવા કહો. ત્યાર બાદ વારાફરતી એક-એક વાક્ય વંચાવો.

૧. ઉષાને ગુજરાતી વિષય ગમે છે.
૨. પવનમાં છત્રી કાગડો થઈ.
૩. મને English ભાષાનું જ્ઞાન છે.
૪. ત્રિકોણને ત્રણ ખૂણા હોય છે.
૫. હું મિત્રને પત્ર લખું છું.
૬. જિજ્ઞાને વિજ્ઞાન વિષય ગમતો નથી.
૭. મને ષત્રજ્ઞ વાંચતાં આવડી ગયું છે.
૮. ગુજરાતીઓને થેપલાં, ઢોકળાં ભાવે.

મિત્રને પૂછો : એક ખેતરમાં સો હળ ચાલે. (જવાબ માટે ૫૦+૭=........ પર જાઓ.)

૧૯. લખો અને બોલો. અક્ષર વધુમાં વધુ સારા થતા જાય તે રીતે લખો.

ષ

ષ

ત્ર

ત્ર

જ્ઞ

જ્ઞ



મિત્રને પૂછો : ધોળા કૂવામાં ધોબો પાણી. (જવાબ માટે ૫૦+૮ =........ પર જાઓ.)

૨૦.વાંચો. ષ, ત્ર, જ્ઞ જુદા રંગથી લખો.



| | | | | |
|---|---|---|---|---|
| જિજ્ઞેશ | | | | |
| ત્રાજવું | | | | |
| ઉષા | | | | |
| છત્રી | | | | |
| વિષય | | | | |
| જ્ઞાન | | | | |
| ત્રિકોણ | | | | |
| મિત્ર | | | | |
| વિજ્ઞાન | | | | |
| ભાષા | | | | |

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________



મિત્રને પૂછો : એક શિંગડાની ગાય એને નીરે એટલું ખાય. (જવાબ માટે ૪૦+૯=........ પર જાઓ.)

## ૨૧. 'ષષાષીષૂ' વાંચો.



વિદ્યાર્થીઓને આડી (ષષાષીષૂષૈષૌષં) અને ઊભી (ષા, ત્રા, જ્ઞા, ષી, ત્રી, જ્ઞી...) હરોળ વંચાવો.

(૧) હસતાં હસતાં વાંચો. (૨) રડતાં રડતાં વાંચો.

(૩) ગાતાં ગાતાં વાંચો. (૪) તમને મજા પડે તેમ વાંચો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | આ | ઈ | ઊ | ઐ | ઔ | અં |
| | ા | ી | ૂ | ૈ | ૌ | ં |
| ષ | ષા | ષી | ષૂ | ષૈ | ષૌ | ષં |
| ત્ર | ત્રા | ત્રી | ત્રૂ | ત્રૈ | ત્રૌ | ત્રં |
| જ્ઞ | જ્ઞા | જ્ઞી | જ્ઞૂ | જ્ઞૈ | જ્ઞૌ | જ્ઞં |

## ૨૨. વિદ્યાર્થીઓને વારાફરતી એકમ-૧૦ની અર્લી રીડર વાંચવા કહો અને તેમાં આવતા શબ્દો તેમની સ્લેટ કે નોટમાં લખવા કહો.



## ૨૩. નીચેના શબ્દ યોગ્ય ક્રમમાં ગોઠવી નમૂના મુજબ લખો.

| | | |
|---|---|---|
| ૧. | જોઈએ ત્રાજવે તોળી કંપાસ. | કંપાસ ત્રાજવે તોળી જોઈએ. |
| ૨. | ત્રિકોણ નાક છે જોકરનું. | |
| ૩. | જયશ્રીનો છે દોસ્ત શ્રવણ. | |
| ૪. | મૂષક ચાલ્યા પાછળ વાંસળીવાળાની. | |
| ૫. | ત્રિરંગી છે ખમીસ અભિષેકનું. | |

મિત્રને પૂછો : નગરમાં ખુલ્લી ફરે, વનમાં પહેરે ચીર. (જવાબ માટે ૪૦+૭=....... પર જાઓ.)

૨૪. ચિત્ર જુઓ. કૌંસમાં આપેલા અક્ષરો પરથી શબ્દ બનાવી વાક્ય પૂરા કરો. આ વાક્ય મિત્રને વાંચી સંભળાવો.



૧. આ ________નું ચિત્ર છે. (હથ)

૨. હાથીના ________ સૂંપડા જેવા જાડા છે. (કન)



૩. આ ________ છે. (છકર)

૪. છોકરો આઈસક્રીમ ________ છે. (ખય)



૫. આ મોટી ________ છે. (છત્ર)

૬. છત્રી ________ રંગની છે. (કળ)

શિક્ષકની સહી : ____________ | A | B | C | તારીખ : ____________



**૨૫. રમત : ભણેલો કાચબો**

વિદ્યાર્થીઓને કાચબા બનવા કહો. કોઈ પણ છ શબ્દો નક્કી કરો. તે છ શબ્દનાં પત્તાં સામી દીવાલે એ રીતે મૂકો કે આ છેડેથી વિદ્યાર્થીઓ વાંચી શકે. કાચબા બનેલા વિદ્યાર્થીઓના કાનમાં પેલા છ શબ્દોમાંથી કોઈ એક શબ્દ કહો. કાચબા બનેલ વિદ્યાર્થીએ કાચબાની જેમ ચાલતા જઈ તેને કહેવામાં આવેલા શબ્દનું શબ્દપત્તું લઈ આવવાનું છે.

૨૬. તમને પસંદ પડે તેવું એક પુસ્તક વર્ગ પુસ્તકાલયમાંથી લઈ વાંચો.



મિત્રને પૂછો : ઘરમાં ઘર, તેમાં રમે કેસરિયો વર. (જવાબ માટે ૩૦+૯=........ પર જાઓ.)

૨૭. શબ્દો પરથી વાક્ય બનાવો.

ઉદાહરણ : મંદિર - મારા ઘર પાસે મંદિર છે.

છત્રી - ..........

ચિત્ર - ..........

પીયૂષ - ..........

યજ્ઞેશ - ..........

- ગણિતને ભાષામાં વાંચો અને લખો.




૧. ૨૦ + ૧૨ = ૩૨

વીસમાં બાર ઉમેરીએ તો બત્રીસ થાય.

૨. ૩૪ - ૨ = ૩૨

ચોત્રીસમાંથી બે ઓછા થાય તો બત્રીસ રહે.

૩. ૧૫ + ૧૪ = ૨૯

..........

૪. ૫૫ + ૪૪ = ૯૯

..........

૫. ૮૮ - ૨૨ = ૬૬

..........

- 'વાંચીમાર' રમો.

૨૮. રમવાની વસ્તુઓનાં, ખાવાની વસ્તુઓના અને માણસોના નામ અલગ કરો.

ભેળ, ભારતી, ફુગ્ગો, ડુગડુગિયું, આઇસક્રીમ, પાણીપૂરી, ફિયોના, પીપૂડી, મોટર, પાંઉભાજી, જિજ્ઞાસા, ફરકડી, મુન્નો, ભજિયાં, આશિષ

| રમવાની વસ્તુનાં નામ | ખાવાની વસ્તુનાં નામ | માણસનાં નામ |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

મિત્રને પૂછો : પ્રાણ નહીં પણ પળ પળ ગણે. (જવાબ માટે ૩૧+૯=........ પર જાઓ.)

- વિદ્યાર્થીઓને આડી (ષા, ષિ, ષુ, ષે, ષો, ષં) અને ઊભી (ષ, જ્ઞ, ત્ર, ષિ, જ્ઞિ, ત્રિ...) વંચાવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અ | ઈ | ઉ | એ | ઓ | અં |
| | િ | ુ | ે | ો | ં |
| ષ | ષિ | ષુ | ષે | ષો | ષં |
| ત્ર | ત્રિ | ત્રુ | ત્રે | ત્રો | ત્રં |
| જ્ઞ | જ્ઞિ | જ્ઞુ | જ્ઞે | જ્ઞો | જ્ઞં |



૨૯. શિક્ષક બોલે તે વાક્યો સાંભળીને લખો.

એકમ-૨ માંથી ષ, ત્ર, જ્ઞ આવે તેવાં પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવો.

શિક્ષકની સહી : ________ | A | B | C | તારીખ : ________

## ૩૦. ફકરો વાંચી પ્રશ્નોના જવાબ ઉદાહરણ મુજબ લખો.

### ગામમાં એક તળાવ

અમારા ગામમાં એક તળાવ છે. ગામના તળાવમાં ચાર કાચબા છે. બે કાચબા મોટા છે. તળાવમાં બે બતક છે. પાણીમાં એક ગુલાબી કમળ છે. પાણીમાં માછલી પણ છે. માછલી ગુલાબી કમળની આસપાસ તરે છે. માછલીને તરતી જોવાની બહુ મજા આવે. ગામના તળાવમાં દેડકાં પણ છે. દેડકાં ડ્રાઉં ડ્રાઉં કરે. તળાવ પાસે ઘણાં ઝાડ છે. લીમડાનું ઝાડ છે. વડનું ઝાડ છે. જાંબુનું ઝાડ છે. જાંબુના ઝાડ પરથી ટપ દઈને જાંબુ તળાવમાં પડે છે.

| | |
|---|---|
| ૧. તળાવમાં કેટલા કાચબા છે ? | |
| ૨. પાણીમાં શું શું છે ? | |
| ૩. પાણીમાં કેવું કમળ છે ? | પાણીમાં ગુલાબી કમળ છે. |
| ૪. તળાવ પાસે ક્યાં ક્યાં ઝાડ છે ? | |
| ૫. માછલીઓ પાણીમાં શું કરે છે ? | |

## ૩૧. 'ગામમાં એક તળાવ' - ફકરો વાંચો. એમાં શું શું છે? તે ક્યાં છે? તે બરાબર સમજો. ફકરા મુજબ ચિત્રમાં જે જે ખૂટતું હોય તે દોરો. રંગ પૂરો.



- ‘અક્ષરથપ્પો’ રમો.

## ૩૨. ફન પેજ :

- યજ્ઞને તેમના દાદા સુધી પહોંચાડો.



## ૩૩. ફરી યાદ કરીએ...



(૧) શું ગાવાની વધુ મજા પડેલી? કેમ? ઘરે જઈ કયું ગીત વારંવાર ગાતા હતા?
(૨) ષ, ત્ર, જ્ઞ ના શબ્દોની વાંચીમાર રમતમાં કોણ જીત્યું હતું?
(૩) ષ, ત્ર, જ્ઞ વાળા શબ્દો વાંચવામાં, લખવામાં હજુ કોને કોને ભૂલ પડી જાય છે?
(૪) પુસ્તકાલયમાંથી તમે કયું પુસ્તક લીધું હતું? તેમાં શું આવતું હતું?
(૫) તમને કયો અક્ષર સહેલો લાગ્યો? કયો અઘરો લાગ્યો?
(૬) ‘તળાવનું ચિત્ર’ સૌથી પહેલું કોણે પૂરું કરેલું? તમને કોનું ચિત્ર ગમેલું.

## ૩૪. હસહસાટ

મુન્ની : મમ્મી, અમારી શાળામાં એક નવી છોકરી આવી છે. તે મદ્રાસી છે.
મમ્મી : એમ! એને ગુજરાતી-હિન્દી આવડે છે?
મુન્ની : ના.. પણ એ હસે છે એકદમ ગુજરાતીમાં એટલે, ખાસ તકલીફ ના પડી.






| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | |

### એકમ-૩ માટેની પૂર્વતૈયારી...

- ‘કરો રમકડાં’ ગીત કરાવવા માટે ઘરેથી રમકડાં લાવવાનું કહેવું.
- ચિત્રપોથી, ચિત્ર કેલેન્ડર
- વાર્તાના પાત્રનાં મહોરાં
- બોર્ડબુક અક્ષરકાર્ડ
  વાર્તાપુસ્તિકા, પ્રાણીનાં મહોરાં

શિક્ષકની સહી : ..........................   વાલીની સહી : ..........................
તારીખ : ..............................   તારીખ : ..............................

જ્ઞ

# ૩. રમકડાં જ રમકડાં

W7Z8I8

૧. ગાઈએ. (૧) પઠન, (૨) ગાન, (૩) ઝીલગાન, (૪) સમૂહગાન



ટરરર... ટરરર... ઢમઢમઢમ...
કરો રમકડાં કૂચકદમ...
હાથીભાઈ ચાલે આગળ,
પાછળ ઊંટસવારી,
ખડાક ખડબડ ઘોડો દોડે,
ને શી છટા અમારી !
ચલો, સૈનિકો કદમકદમ...
કરો રમકડાં કૂચકદમ...
ટરરર... ટરરર... ઢમઢમઢમ...
કરો રમકડાં કૂચકદમ...





૨. રમકડાં સાથે ગાઓ.

- ઘરેથી લાવેલાં અને વર્ગમાં વસાવેલાં રમકડાંને ગોઠવી આ ગીત એ રમકડાંના ક્રમ મુજબ ગાવાનું કહો. જેમ કે, ટરરર... ટરરર... ઢમઢમઢમ...

  કરો રમકડાં કૂચકદમ...
  કારબેન ચાલે આગળ
  પાછળ કૂતરો ભાઉંભાઉં
  ખડાક ખડખડ જેસીબી ખોદે
  હૂપહૂપ વાંદરો બોલે.

- દરેક વિદ્યાર્થીનાં રમકડાંની કવિતા જુદી હોઈ શકે.

૩. જ્યાં અક્ષર છે ત્યાં અક્ષરથી અને બાકીના ચિત્રમાં તમારા ગમતા રંગ પૂરો.









મિત્રને પૂછો : ચીતરેલ મોરિયો પરદેશ જાય, પાણી પીએ તો ટપ મરી જાય. (જવાબ માટે ૫૦+૧૦=..... પર જાઓ.)

## ૪. ચિત્ર જુઓ. વાતો કરો. (ચિત્ર કેલેન્ડરનો ઉપયોગ કરવો.)




**વાતચીત**

- આ ચિત્રમાં તમને સૌથી વધારે શું ગમ્યું? કેમ?
- આ ચિત્રમાં તમને શું શું દેખાય છે? આ ચિત્ર કયા સ્થળનું હશે? કઈ રીતે ખબર પડી?
- આ ચિત્રમાં ખાવાની વસ્તુના કેટલા સ્ટૉલ છે?
- શું તમારી શાળામાં આવો બાળમેળો થાય છે?
- તમે બાળમેળામાં કઈ કઈ પ્રવૃત્તિમાં ભાગ લો છો?
- ચિત્રમાં છે તેવો બાળમેળો તમારી શાળામાં યોજાય તો તમે શામાં ભાગ લેશો?
- જે લોકો બહાર ઊભા છે તે શી વાતો કરતા હશે?
- તમે કયો મેળો યોજો? પ્રાણીમેળો/જંતુમેળો/પક્ષીમેળો? તેમાં કોણ કોણ આવશે? તે શું કરશે? તે નક્કી કરી કાલે કહેજો.

- **દોરો.**

**મને ગમતો જોકર**



મિત્રને પૂછો : ચાર ભાઈ ઊભા, ચાર ભાઈ બેઠા, એક એકના અંગમાં સર્વે પેઠા. (જવાબ માટે ૬૦+૨=........ પર જાઓ.)

૫. રમકડાંવાળા રૂપેશકાકાની વાત સાંભળીએ. (પઠન, ઝીલવાચન, સામૂહિક વાચન, વ્યક્તિગત વાચન)

## રમકડાંવાળા રૂપેશકાકા

એક હતા રૂપેશકાકા. એમને બાળકો ખૂબ ગમે. રૂપેશકાકાનાં સંતાનો અમેરિકા રહેવા ગયાં પછી તેમને ક્યાંય ગમતું નહોતું. રૂપેશકાકાના ઘરે ઘણાં બધાં રમકડાં હતાં. રૂપેશકાકાએ આસપાસનાં બાળકોને પોતાના ઘરે બોલાવવા એક રૂમમાં રમકડાં ગોઠવ્યાં અને પોતાના ઘરને 'ટૉયહાઉસ' નામ આપ્યું.

'ટૉયહાઉસ'માં બાળકોને ખૂબ જ મજા પડતી. આ રમકડાં બાળકોને ઘરે લઈ જવા માટે રૂપેશકાકાએ એક પાટિયા પર લખ્યું: "એક રમકડું આપી જાઓ અને બે રમકડાં લઈ જાઓ."

અક્ષય પોતાની પાસે રહેલું વિમાન રૂપેશકાકાને આપી આવ્યો અને તેના બદલામાં બીજાં બે રમકડાં લઈ આવ્યો : એક જેસીબી અને બીજું બોલતું વાંદરું.

અક્ષયે ઘરે આવી બોલતું વાંદરું શ્રીકાંતને રમવા માટે આપ્યું. શ્રીકાંતે પહેલાં તો ના પાડી; પણ જેવું જોયું કે, આ વાંદરું તો આપણે જેવું બોલીએ એવું બોલે છે એટલે એણે તુરંત મોબાઈલ મૂકીને વાંદરા સાથે વાતચીત ચાલુ કરી. શ્રીકાંત જેવું બોલે એવું વાંદરું પણ બોલે. શ્રીકાંત ગુસ્સે થાય તો વાંદરું પણ ગુસ્સે ભરાય. શ્રીકાંતને ટૉયહાઉસ જવાનું બહુ મન થયું. એક દિવસ તે અક્ષય સાથે ત્યાં ગયો. ને પોતાનો મોબાઈલ આપીને તે ગડથોલિયાં મારતું ગલૂડિયું અને વાતો કરતો પોપટ લાવ્યો.

એક રવિવારે શ્રીકાંત, અક્ષય અને અક્ષયની બહેન ઋચા ત્રણેય પહોંચ્યાં રૂપેશકાકાના ઘરે. ટૉયહાઉસમાં જ્યાં જુઓ ત્યાં રમકડાં જ રમકડાં. અનેક રમકડાં જોઈને ત્રણેય બાળકો હરખાઈ ગયાં. ટ્રેનથી રમે, ઢીંગલીને રમાડે, રિમોટથી ગાડી ચલાવે, રીંછને નવડાવે, ગલૂડિયાંને દોડાવે, રસોડામાં રસોઈ બનાવે.

ઋચાએ તો શિક્ષક બનીને બધાંય રમકડાંને ભણવા બેસાડી દીધાં. બોલતું વાંદરું પણ ભણવા બેઠું હતું. ઋચાબેન જેવું બોલે, એવું એ બોલે. ચાળા પાડ્યા એટલે બેને એને ક્લાસની બહાર ઊભું રાખી દીધું, બોલો ! અક્ષયે સાપસીડીની રમત શ્રીકાંત સાથે રમવાની ચાલુ કરી. બારી પાસે એક સરસ કબૂતર હતું. ઋચા એને લેવા દોડી, ત્યાં તો એ કબૂતર ઊડી ગયું. બધાં હસી પડ્યાં, થોડી વાર પછી ઋચા પણ ખૂબ હસી.

### વાતચીત

- તમને આ વાર્તા ગમી? કેમ?
- આ વાર્તામાં કયાં કયાં રમકડાં છે?
- તમને કયું રમકડું ગમે?
- રૂપેશકાકાએ તેમના ઘરને શું નામ આપ્યું?
- રૂપેશકાકાને બાળકો શું કહેતાં હશે? કેમ?


મિત્રને પૂછો : બે ભાઈ ચાલ્યા જાય, આગળપાછળ થતા જાય. (જવાબ માટે ૬૦+૫= .... પર જાઓ.)

- પાટિયા પર રૂપેશકાકાએ શું લખ્યું હતું?
- તમારા ગામમાં કે નજીકમાં રમકડાંની દુકાન ક્યાં આવેલી છે?
- આવી બીજી કોઈ જાહેરાતો વિશે તમે સાંભળ્યું છે?
- 'ટૉયહાઉસ'માં તમે કયું રમકડું મૂકી આવો? કયાં રમકડાં લઈ આવો?
- બધાં કેમ હસી પડ્યાં?
- શાળામાં ટૉયહાઉસ બનાવવું છે તો કયાં કયાં રમકડાં લાવીશું?

**શિક્ષક વિદ્યાર્થીને વાર્તા કહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓ એકબીજા સાથે વાતો કરશે. પછી શિક્ષક વાર્તા આધારિત પ્રશ્નોત્તરી કરશે.**

**૬. સૂચના : સાચા વાક્યની સામે હસતો ચહેરો ☺ અને ખોટા વાક્યની સામે રડતો ચહેરો ☹ દોરો.**

| | | |
|---|---|---|
| ૧ | રૂપેશકાકાને બાળકો ગમતાં ન હતાં. | |
| ૨ | ઋચાને શિક્ષક-શિક્ષક રમવું ગમતું હતું. | |
| ૩ | અક્ષય આખો દિવસ મોબાઈલથી જ રમતો હતો. | |
| ૪ | શ્રીકાંત ગાતું ગલૂડિયું લાવ્યો. | |
| ૫ | રમકડાંનું કબૂતર ઊડી ગયું. | |



**૭. રમકડાં શોધો.**

**વાર્તામાં આવતાં રમકડાંનાં નામ અહીં લખવા કહો.**

(૧) વિમાન (૨) .......... (૩) ..........

(૪) .......... (૫) .......... (૬) ..........

મિત્રને પૂછો : ચાર ચોર ચોકી કરે, ને ચાર એના મોંમાં પેસે. (જવાબ માટે ૬૦+૭ = ...... પર જાઓ.)

## ૮. તમે ઘણાં રમકડાં જોયાં, હવે જાતે રમકડાં બનશો ?

**શિક્ષક બાળકોને જુદાં જુદાં રમકડાંનો અભિનય કરવા માટેની સૂચના આપશે. બાળકો વારાફરતી અભિનય કરશે.**

ઉદાહરણ : (૧) ચાવીથી ચાલતો વાંદરો
(૨) ઢોલ વગાડતો ભાલુ
(૩) ગીત ગાતો પોપટ
(૪) ડોક હલાવતો કૂકડો
(૫) આંખો પટપટાવતી ઢીંગલી
(૬) રૉબોટ
(૭) પાટા પર ચાલતી રેલગાડી (બધાં બાળકો એકસાથે પણ કરી શકે)

## ૯. સાંભળો, સાંભળો, રંગબેરંગી રમકડાંવાળી ગાડી તમારી પાસે આવીને ઊભી છે. ચાલો, જોઈએ કે એ શું શું લાવી છે?

**કવિતામાં લીટી દોરેલા શબ્દો ધ્યાનથી વાંચો. આપેલી જગ્યામાં લીટી દોરેલા શબ્દોને નમૂના મુજબ લખો અને વારંવાર વાંચો.**

### રંગબેરંગી રમકડાં



રંગબેરંગી રમકડાંની ગાડી આવી રે
નાનાં-મોટાં જોવા ચાલો, શું-શું લાવી રે...
હાથી, ઘોડા, ઊંટ લાવી,
ચકલી, પોપટ, મેના લાવી,
દડા સાથે બૅટ લાવી,
રીંછ લાવી, વાઘ લાવી, વાંદરા લાવી રે... નાનાં મોટાં...
સુપરફાસ્ટ ગાડી લાવી,
પમપમ કરતી મોટર લાવી,
ઊડતું વિમાન લાવી,
નાની-મોટી સાઇકલ લાવી,
ફુગ્ગા ને ફરફરિયાં સાથે મોર લાવી રે... નાનાં મોટાં...
પિપૂડાં-પિસ્તોલ લાવી,
નાનો એવો ઢોલ લાવી,
ફરતું ચકડોળ લાવી,
બહેન માટે ડોલ લાવી,
નાની-મોટી ઢીંગલીઓ ને વ્હિસલ લાવી રે... નાનાં મોટાં...







થીહા

મિત્રને પૂછો : નાનો સરખો ડુંગરદાસ, લૂગડાં પહેરે સો પચાસ. (જવાબ માટે ૬૦+૯ =........ પર જાઓ.)

વાતચીત

- કયાં કયાં રમકડાંની વાત આવી?
- તમને રમકડાં કોણ લાવી આપે?
- તમે જાતે કોઈ રમકડું બનાવ્યું છે? કયું? કયારે? કઈ રીતે?

**ઘરેથી જાણી લાવો.**

(૧) તમારાં દાદા-દાદીને પૂછો તેઓ કયાં કયાં રમકડાંથી રમતાં હતાં?

(૨) તમારાં મમ્મી-પપ્પાને પૂછો તેઓ કયાં કયાં રમકડાંથી રમતાં હતાં?

(૩) એમને સૌથી વધુ શેનાથી રમવું વધુ ગમતું હતું?

(૪) એમણે રમકડાંથી રમવાનું ક્યારે છોડ્યું?

**૧૦. અક્ષર શોધી તેના ફરતે ◯ કરો.**

**ક્ષ → ચક્ષકગક્ષજપશ્રક્ષરૂ**

રાક્ષસ ક્ષત્રિય ક્ષણ ક્ષમાપાત્ર

**શ્ર → જશ્રકપશ્રતણશ્રભળ**

શ્રવણ આશ્રમ શ્રમ શ્રાપ

**ઋ → સબઋચકઋજરઋ**

ઋતુ ઋગ્વેદ ઋચા ઋષિ

**રૂ → રૂશતરૂખદરૂષહ**

રૂમાલ મશરૂમ રૂપાળું રૂપિયો

**૧૧. 'અક્ષરથપ્પો' રમો.**

વિદ્યાર્થીઓને ઋ, રૂ, શ્ર, ક્ષ તથા અગાઉ શીખેલા અક્ષરો વડે અક્ષરથપ્પો રમાડો.

મિત્રને પૂછો : માણસને તો જોઈએ, નદીમાં તો સોહીએ; બે મળીને એક નામ, કહો મિત્રો કયું ગામ
(જવાબ માટે ૭૦+૧ = ........ પર જાઓ.)

૧૨. ટપકાં જોડી અક્ષર લખો.



ક્ષ

શ્ર

જ્ઞ

ઉ



પપ્પાના ભાઈ

૧૩. 'વાંચીમાર' રમો.

૧૪. વાક્યો વાંચો અને ચિત્ર સાથે જોડો. તે વાક્યના જે શબ્દમાં ક્ષ, શ્ર, ઋ કે રૂ આવતો હોય તે શબ્દ ચિત્ર પાસે લખો.

સૂરજ ક્ષિતિજ પર છે.



ઋષભ શિંગડાં ઉછાળે છે.



ઋષિને લાંબી દાઢી છે.



શ્રવણ માતાપિતાને ઊંચકીને લઈ જાય છે.



શ્રમિક ત્રિકમ વડે ખોદે છે.



ત્રણ કલરના રૂમાલ છે.



૧૫. શબ્દ વાંચો અને લખો.

(૧) શ્રમિક

(૨) ઋષભ

(૩) રૂપિયો

(૪) કૌશલ

(૫) અક્ષય

(૬) શ્રાવણ

(૭) મશરૂમ

(૮) દક્ષિણ

(૯) પરિશ્રમ

(૧૦) પૌત્ર

(૧૧) રૂબરૂ

(૧૨) વૈજ્ઞાનિક

'વાર્તાનો વડલો' કે અન્ય કોઈક વાર્તાની ચોપડીમાંથી મોટેથી વાર્તા વાંચી સંભળાવો.

૧૬. યાદ કરો. યાદ ન હોય તો 'રૂપેશકાકાનાં રમકડાં'માંથી વાંચો. પ્રશ્નોના શબ્દ આડાઅવળા થઈ ગયા છે તે સરખા ગોઠવી બોલો. જવાબ લખો.

| | | |
|---|---|---|
| ૧ | બહેનનું અક્ષયની શું હતું નામ? | |
| ૨ | જેસીબી અને કોણ લાવ્યું વાંદરું? | |
| ૩ | ટીચરના શું રમકડાંના નામ હતું? | |
| ૪ | હતું રમકડાં શું જેવું લાગતું? | |
| ૫ | નથી રમકડાંથી રમતું કોણ? | |
| ૬ | બંધ શ્રીકાંતે કર્યું મોબાઈલથી રમવાનું? | |

૧૭. વાંચો અને લખો.



(૧) શ્રદ્ધાએ રૂ વડે ઘર બનાવ્યું.

(૨) અત્યારે શિયાળાની ઋતુ છે. ઋષભને ખાંસી થઈ છે. તેથી તે રૂમાલ રાખે છે.

(૩) શ્રવણ મહેનતુ છોકરો છે. અક્ષર સારા આવે તે માટે તે ધીમેથી લખે છે.

(૪) ઋષિના રૂમમાં યજ્ઞનો સામાન હતો. તે તેમણે વૈજ્ઞાનિકને આપ્યો.

(૫) ઋત્વિક પડી ગયો. તેને ઢીંચણે વાગ્યું. તેની બહેન પ્રજ્ઞાએ રૂ દવાવાળું કરી તેનો ઘા સાફ કર્યો.

(૬) શ્રાવણની રજાઓમાં અમે ફરવા ગયા. ત્યાં અમે મશરૂમનાં ખેતર જોયાં. અમે મશરૂમનું શાક પણ ખાધું.

બાળકોને વારાફરતી એકમ અનુરૂપ અર્લીરીડરનું વાંચન કરવા કહો.

૧૮. સાંભળો અને લખો.

છ શબ્દો અને પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવો.





લખો

૧.

૨.

૩.

૪.

૫.

શિક્ષકની સહી : ____________________ | A | B | C | તારીખ : ____________________

**૧૯. અલગ પડતા શબ્દ પર ◯ કરો.**

| | | | |
|---|---|---|---|
| દા.ત. | કેરી | સફરજન | (કોબીજ) |
| (૧) | વિમાન | બસ | ગરુડ |
| (૨) | લાલ | ત્રિકોણ | પીળો |
| (૩) | જલેબી | ભજિયાં | સમોસાં |
| (૪) | સોમવાર | મંગળવાર | સવાર |
| (૫) | સ્કૂટર | ઍક્ટર | પાઈલોટ |

**૨૦. ચોરસમાંથી શબ્દ શોધીને લખો.**



| | | | | |
|---|---|---|---|---|
| શ્ર | રૂ | પિ | યો | રૂ |
| વ | શી | ખં | ડ | મા |
| ણ | રૂ | ક | ત્રિ | લ |
| મ | ક્ષ | ષિ | કો | ચ |
| શિ | ક્ષ | ત | ણ | ષિ |

ક્ષ

(૧) રૂપિયો

(૨)

(૩)

(૪)

(૫)

(૬)

(૭)

(૮)

૨૧. આ એક કુટુંબનું ચિત્ર છે. બધાનાં નામ આપો. કોણ શું કરે છે? ચિત્રના આધારે વાક્યો લખો.

રક્ષાબંધન વિશેના ચિત્રમાં માણસોનાં નામ બાળકોને ઘરેથી લખી લાવવા કહો.



સૂચના મુજબ રંગ પૂરો. (૧) થડમાં વાદળી રંગ પૂરો. (૨) ઝાડની ડાબી બાજુ વાડના થાંભલા પર છોકરાઓનાં નામ લખો. (૩) જમણી બાજુના થાંભલા પર છોકરીઓનાં નામ લખો. (૪) પાંચ સફરજનમાં લાલ રંગ કરો. (કોઈ નજીક-નજીકના સફરજનમાં સરખો રંગ ન જોઈએ.) (૫) ચાર સફરજન કાળા રંગનાં કરો. (૬) બે સફરજન વાદળી રંગનાં કરો. (૭) સાત સફરજન પીળા રંગનાં કરો. (૮) નીચે પડેલાં સફરજનને સરખો રંગ કરો.




બાળકોને રંગ પૂર્યા પછી નીચે જેવા પ્રશ્નો પૂછો.
(૧) મીનાની ડાબી બાજુ કોનું નામ છે?
(૨) સૌથી ઊંચે આવેલા સફરજનને તમે કયો રંગ આપ્યો?



## ૨૩. 'કહ્યું તેમ ન કરો' રમત રમો.

બાળકોને એક હરોળમાં તમારી સામે ઊભાં રાખો. તેમને સૂચના આપો.
જો હું કહું 'તાળી' તો તમારે ચપટી વગાડવી. જો હું કહું 'ચપટી' તો તમારે તાળી પાડવી. ત્યાર બાદ પહેલાં ધીમે રમત રમાડો. જે ભૂલ કરે તે આઉટ ગણાય. પછી આ ઝડપથી રમાડો. રમતનો મહાવરો થાય પછી તેમાં ક્રમશઃ વધુ સૂચનાઓ ઉમેરતા જાઓ.

| | | | | |
|---|---|---|---|---|
| કહેવાનું છે | કાન અડો | ડાબી તરફ જુઓ | આગળ ખસો | કૂદકો મારો |
| કરવાનું છે | નાક અડો | જમણી તરફ જોશે | પાછળ ખસશે | બેસી જશે |

આ રમત અવારનવાર રમાડી શકાય.

## ૨૪. ફરી યાદ કરીએ...



(૧) રમકડાંમાં રંગ પૂરવાની કોને કોને મજા પડી હતી?
(૨) કોનો અભિનય તમને ગમેલો? કેમ?
(૩) અક્ષરથપ્પો રમતમાં શી ભૂલ થતી હતી? હવે ફરી રમતી વખતે શું ધ્યાન રાખીશું?
(૪) ક્ષ/શ્ર/રૂ/ઋ લખવામાં કઈ જગ્યાએ ભૂલ થતી હતી? સૌથી છેલ્લે શું લખતાં આવડ્યું?
(૫) રક્ષાબંધનના ચિત્રમાં કોણે પોતાના ઘરના સભ્યોનાં જ નામ લખેલાં?
(૬) તમે કયો મેળો યોજવાનું પસંદ કરેલું?

## ૨૫. હસહસાટ

ઓહો! તારી મમ્મીએ તો ઘણી કેરી મોકલી!
ઊભો રહે, ચિઠ્ઠી લખી આપું!
ચિઠ્ઠીમાં શું લખશો, માસી?

બીજું શું, લખીશ કે થેન્ક યુ, આઠ કેરી મળી ગઈ!
માસી, દસ લખશો તો મમ્મીને સારું લાગશે!






| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ |

### એકમ-૪ની પૂર્વતૈયારી...



- વાર્તા અને પ્રવૃત્તિ માટે પ્રાણીનાં મહોરાં
- ઈમોજી, બોર્ડબુક, શબ્દકાર્ડ, દડો



શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................
તારીખ : ........................ તારીખ : ........................

૨



# ૪. શાણા શાણા સસ્સારાણા



૧. મોટેથી બોલો - દટ્ટણ, પટ્ટણ, અચ્ચર, કચ્ચર, ચક્કર. હવે, મોટેથી ગીત ગાઈએ.

ભાગો રે ભાઈ, ભાગો!
**દટ્ટણ** આવ્યું, **પટ્ટણ** આવ્યું.
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી,
ભાગો રે ભાઈ, ભાગો!

• • •

**અચ્ચર** આવે, કચ્ચર આવે,
મોટા મોટા **મચ્છર** આવે
હીંચકા ખાઉં તો ચક્કર આવે,
પહાડમાંથી **પથ્થર** આવે,
સસલાંઓનું **લશ્કર** આવે,
અચ્ચર આવે, કચ્ચર આવે.




પઠન, ઝીલવાચન, વ્યક્તિગત મુખરવાચન

## હોશિયાર કોણ?

એક મોટું જંગલ હતું. જંગલનો રાજા સિંહ. જાતે શિકાર કરે, ભરપેટ જમે અને બાકી વધ્યું હોય એ એક શિયાળ ખાય. શિયાળને પણ મજા આવી ગઈ હતી. કશું કરવાનું નહીં, તોપણ જમવાનું મળી જાય.

સિંહ ઘરડો થઈ ગયો. હવે જાતે શિકાર કરીને ખાવા જેટલી શક્તિ જ નહોતી. સિંહ અને શિયાળ ત્રણ-ચાર દિવસથી ભૂખ્યાં હતાં.

એક દિવસ શિયાળે જોયું કે દૂરથી એક સસલો આવતો હતો. શિયાળે સિંહને સમજાવ્યું કે, 'તમે થોડીક વાર મરવાનું નાટક કરો તો સસલાનો શિકાર કરી શકાય એમ છે.' શિયાળની વાત માનીને સિંહ હાલ્યા-ચાલ્યા વગર પડી રહ્યો. શિયાળ તો ખોટુંખોટું રોતું જાય અને સિંહ પર સૂકાં પાંદડાં નાખતું જાય સસલાએ આવીને પૂછ્યું, ''આ શું કરો છો, શિયાળભાઈ ?''

''દેખાતું નથી ? સિંહરાજા મરી ગયા છે. તું પણ અહીં આવ અને રાજાજીને દાટવામાં મને મદદ કર.''

સસલાને થયું કે મરેલા સિંહ માટે શિયાળભાઈ દુઃખી થાય એવા નથી. નક્કી કંઈક ગરબડ લાગે છે. સસલો થોડીવાર સુધી પડેલા સિંહને બરાબર જોતો રહ્યો. થોડીવાર વિચારી મોટેથી બોલ્યો "તમારી કંઈક ભૂલ થાય છે. શિયાળ ગુસ્સાથી સૂતેલા સિંહને જોતું રહ્યું. સિંહ મરી જાય તો એનું શરીર અક્કડ થઈ જાય પણ શિયાળભાઈ એની પૂંછડી તો હલે હોં!" ખોટું ખોટું સૂતેલા સિંહે આ વાત સાંભળી એટલે એણે તરત જ પૂંછડી હલાવી. તે જોઈને તરત જ સસલો તો ત્યાંથી ભાગ્યો. ઠેકમઠેક... ઠેકમઠેક...

**વાતચીત**

- આ વાર્તામાં તમને શું વધારે ગમ્યું?
- વાર્તામાં તમને શું ન ગમ્યું?
- વાર્તાનાં પાત્રોમાંથી તમને શું બનવું ગમે?
- વાર્તામાં શિંગડાંવાળાં પાત્રો કયાં કયાં છે?
- શિંગડાંવાળાં પ્રાણીઓ કયાં કયાં હોય છે?
- કોઈ મરી ગયું છે એ ખબર કેવી રીતે પડે?
- તમે સસલાની જગ્યાએ હો તો શું કરો?
- શિયાળ સિંહને શું કહેશે?
- ત્રણમાંથી સૌથી હોશિયાર એનાથી ઓછું હોશિયાર અને એનાથી ઓછું હોશિયાર કોણ છે? કેમ?

**૩. વાર્તા પ્રમાણે વાક્યોનો 'Yes' કે 'No'માં જવાબ લખો.**

| | | |
|---|---|---|
| ૧ | શિયાળ જંગલનો રાજા છે? | No |
| ૨ | શિયાળ શિકાર કરીને ખાય છે? | |
| ૩ | સિંહ અને શિયાળને બહુ જ ભૂખ લાગી હતી? | |
| ૪ | શિયાળને મહેનત વગર ખાવાનું મળતું હતું? | |
| ૫ | સિંહ ભૂખથી મરી ગયો તેથી શિયાળ ખૂબ રડે છે? | |
| ૬ | સસલો ઝડપથી ભાગી જાય છે? | Yes |
| ૭ | શિયાળ સિંહની પૂંછડી હલાવે છે? | |
| ૮ | સિંહ ખરેખર જીવે છે? | |
| ૯ | મરવાનો ઢોંગ કરતો સિંહ બહેરો હતો? | |

## ૪. વાર્તા યાદ કરો અને જવાબ લખો.

| | | |
|---|---|---|
| ૧ | કોણ ઘરડું થઈ ગયું હતું? | સિંહ |
| ૨ | શિયાળ સિંહ પર શું નાખતો હતો? | |
| ૩ | કોની વાત સાંભળી સિંહે પૂંછડી હલાવી? | |
| ૪ | કોનામાં શક્તિ ન હતી? | |
| ૫ | નાટક કરવાનું કોણે કહ્યું? | |
| ૬ | સિંહ જીવે છે તેની ખબર કોને હતી? | |

## ૫. આડાઅવળા લખાયેલ શબ્દને અર્થસભર બનાવી લખો.

- ટપેરભ - ______
- રાબરબ - ______
- ણત્ર - ______
- ટકના - ______
- ડઅક્ક - ______
- છડીપૂં - ______
- શિળયા - ______
- જાજીરા - ______



તરસ લાગે ત્યારે પીવાય ______

## ૬. જુઓ, સમજો અને લખો.

(૧) શિકાર કરતો શિકારી (૨) ભોજન બનાવતી સ્ત્રી (૩) આઇસક્રીમની શોપ (૪) પાણીપૂરીની લારી (૫) નાનું બાળક (૬) ઘરડો માણસ (૭) યુવાન સ્ત્રી (૮) દુખી (૯) ગુસ્સો (૧૦) ખુશખુશાલ (૧૧) દાટેલું બીજ (૧૨) વાંકી પૂંછડી. ચિત્ર શાનું છે તે બરાબર ધ્યાનથી જુઓ અને તેની નીચે શબ્દો લખો.





















યુવાન સ્ત્રી





૭. બંને વાક્ય વાંચો. કયું બરાબર લાગે છે? ✔ કરો.

વિદ્યાર્થીઓને જાતે એક વાર પ્રયત્ન કરવા દો. ત્યાર બાદ એક-એક વાક્ય મોટેથી વાંચી સંભળાવી તેમણે ✔ કરેલાં વાક્ય બરાબર છે કે નહીં તે ચકાસવા કહો. ત્યાર બાદ વારાફરતી અડધા અક્ષરવાળા શબ્દો મોટેથી વંચાવો.

| | | | |
|---|---|---|---|
| | મારા ડબબામાં શાક છે. | | બ્લેડથી પેન્સિલની અણી કાઢવી નહીં. |
| | મારા ડબ્બામાં શાક છે. | | બલેડથી પેનસિલની અણી કાઢવી નહીં. |
| | છોકરાંઓએ ખૂબ મસતી કરી. | | તું મારો પાક્કો દોસત છે. |
| | છોકરાંએ ખૂબ મસ્તી કરી. | | તું મારો પાક્કો દોસ્ત છે. |
| | તરતી મચછી જોવાની મજા પડે. | | સ્વામી વિવેકાનંદનું નામ નરેન્દ્ર હતું. |
| | તરતી મચ્છી જોવાની મજા પડે. | | સવામી વિવેકાનંદનું નામ નરેન્દ્ર હતું. |

૮. વાર્તામાંથી અડધા અક્ષરોવાળા શબ્દો શોધી તેની નીચે લીટી કરો.



૯. ભાવવાહી વાચન કરો.

(૧) શિયાળ તો ખોટું ખોટું... દાટવામાં મને મદદ કરે.

(૨) સસલાને થયું કે ...... પૂંછડી તો હલે, હોં!"

૧૦. મહોરાં બનાવો, પહેરો, ભજવો.

પ્રૉજેક્ટ પ્રવૃત્તિ બુકનો ઉપયોગ કરાવો. 'હોશિયાર કોણ?' વાર્તા મહોરાં પહેરી ભજવાવો.



## ૧૧. 'વાંચીમાર' રમો.

આ શબ્દનાં શબ્દપત્તાં બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| (૧) જન્મ | (૨) ઈચ્છા | (૩) અત્યારે | (૪) અભ્યાસ | (૫) શબ્દ |
| (૬) વસ્તુ | (૭) સ્વાદ | (૮) ઉત્કલ | (૯) ચશ્માં | (૧૦) સમાપ્ત |




૧. લાઈટ જતાં ભાઈએ બત્તી ચાલુ કરી.
૨. ફિલ્મ જોવા જવાની મજા પડે.
૩. જૈમિન ગમ્મત ગમ્મતમાં વીસ રસગુલ્લા ખાઈ ગયો.
૪. મેં પાળેલી બિલ્લીને ત્રણ બચ્ચાં છે.
૫. જેઠાદાદાએ ઝભ્ભાના ખિસ્સામાં બે દેડકા મૂક્યા.
૬. "મચ્છર પર બેસીને ફરવા જવાની બહુ મજા પડે." - કીડીએ કહ્યું.

## ૧૩. વાંચો. (આ સાથે બોર્ડબુક પણ બાળકોને જોવા આપો.)



૧.
- ડૉલ્ફિન ૧૫ મિનિટ સુધી શ્વાસ રોકી શકે છે.
- ડૉલ્ફિન એકબીજાને નામથી બોલાવે છે!
- એક દિવસમાં ડૉલ્ફિન ૧૦૦ કિલોમીટર જેટલું તરી શકે છે.



૨.
- મગરના મોઢામાં ૬૦થી ૭૦ દાંત હોય છે. પરંતુ તે શિકારને/જેને પકડે તેને ચાવી શકતો નથી. ખોરાકને ગળી જાય છે. મગર પોતાની જીભ હલાવી શકતો નથી અને બહાર પણ કાઢી શકતો નથી.



૩.
- કાચબો ૧૫૦થી ૨૦૦ વર્ષ સુધી જીવતો રહે છે.
- કાચબી માટી ખોદીને ખાડામાં બેથી પાંચ ઈંડાં મૂકે છે. પછી રેતી કે માટીથી ખાડો પૂરી દે છે. તે ઈંડાંમાંથી બચ્ચાં નીકળતાં ૯૦ થી ૧૨૦ દિવસ લાગે છે.



૪.
- સિંહ ૩૦ ફૂટ લાંબી અને ૧૨ ફૂટ ઊંચી છલાંગ લગાવી શકે છે.
- સિંહ રોજ લગભગ ૧૮ કલાક સૂવામાં કાઢે છે. / સૂતો રહે છે.




ઉંદર ........................ માં રહે.

સાપ ........................ માં રહે.

સુગરી ........................ માં રહે.

કીડી ........................ માં રહે.

ચકલી ........................ માં રહે.




છપાયેલા અક્ષર જેટલા અક્ષરે લખો.

| | | |
|---|---|---|
| વાંદરો | ખિસકોલી | ચકલી |
| કાગડો | ઉંદર | સુગરી |

૧૬. "અમને જીવતાં કરો".

૧.
૨.
૩.
૪.





૧૦ + ૧૦ = ...................... નો જવાબ: નળમાં પાણી



## ૧૭. હું કોણ?

બાળકોને ઉદાહરણમાં આપેલું ઉખાણું પૂછો. બાળકો જવાબ આપે ત્યાર બાદ વારાફરતી એક-એક બાળકને બોલાવીને આપેલા શબ્દ પરથી ઉખાણું બનાવી પૂછવા કહો.

ઉદાહરણ : ૧. પોચું પોચું છું,
ધોળું ધોળું છું,
ઓશિકામાં રહું છું.
જવાબ : રૂ

૧. ઘર  ૨. દર  ૩. વાંદરો
૪. કાગડો  ૫. ફૂલ



## ૧૮. ગીત ગાઓ.

પેલાં ચકલીબાઈએ માળા બાંધ્યા ઢંગ વગરના...
પેલા દરજીડા ને સુગરીબાઈના કેવા મજાના!
પેલાં ચકલીબાઈએ...
ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂના રેસાના,
કાબર, કબૂતર ને વળી કાગડા કોયલના!
પેલાં ચકલીબાઈએ...
પેલા ઉંદરભાઈએ દર ખોદ્યા કેવા મજાના,
સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના!
પેલાં ચકલીબાઈએ...
કીડી મકોડીએ દરનાં કર્યાં નગર મજાનાં,
પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના!
પેલાં ચકલીબાઈએ...







૧૯. આ ગીતમાંથી તમને ગમતી પાંચ લીટીઓ અહીં સારા અક્ષરે લખો.

વાક્ય ૧ ....................

વાક્ય ૨ ....................

વાક્ય ૩ ....................

વાક્ય ૪ ....................

વાક્ય ૫ ....................




જવાબ ગીતમાં હોય તે શબ્દો નીચે ગીતમાં લીટી કરો. ગીતમાં ન હોય તેવા જવાબ અહીં લખો.

| | | |
|---|---|---|
| ૧ | પાંખોવાળા કોણ? | |
| ૨ | પૂંછડીવાળા કોણ? | |
| ૩ | ચાર પગવાળા કોણ? | |
| ૪ | રાફડામાં રહેતા કોણ? | |
| ૫ | દરમાં રહેતા કોણ? | |
| ૬ | ઝાડ પર રહેતા કોણ? | |
| ૭ | સુંદર ઘર બનાવતું કોણ? | |

## ૨૧. વાંચો, સમજો અને સારી રીતે લખો :



- મારાપપ્પાઝભ્ભોપહેરેછે.
- આખાંડનોડબ્બોછે.
- મેળામાંથીફુગ્ગાલીધા.
- મરચીનાંચારબચ્ચાંહતાં.
- મનેરસગુલ્લાખૂબભાવેછે.
- એક બચ્ચું હતું ઘેટાનું.
- હસી ખડખડાટ મમ્મી પડી.
- ઉંદ રઅ નેહાથીબં ને પાક્કાભા ઈબંધ.

શિક્ષકની સહી : ____________________ | A | B | C | તારીખ : ____________________




(૧)  મને ____ માં લખવાની મજા પડે છે. (સલટ)

(૨)  ગીતાએ નવું ______ લઈ તેનાં પાનાં સૂંઘ્યાં. (પસતક)

(૩)  હું તો રોજ એક ______ દૂધ પીઉં છું. (ગલસ)

(૪)  પગ ખેંચવાની રમતનું નામ ______ છે. (કબડડ)

(૫)  મારા કાન પાસે ______ ફૂટે તોપણ હું ડરતો નથી. (ફગગ)



**૨૩. રમત રમો : સુનો, સમજો, કરો.**

વિદ્યાર્થીઓને બે-બેની જોડીમાં ઊભા કરી નીચે જેવી સૂચનાઓ આપો.
(૧) દીપક પ્રિયંકા તરફ દડો ફેંક. પ્રિયંકા દડો ઝીલી મને આપ.
(૨) પ્રિયંકા બોર્ડ પર ગોળ દોર. દીપક તે ગોળમાં બીજું ગોળ દોર.
આવી, બંન્ને જણને સાંકળતી અને એકથી વધુ કામ સૂચવતી સૂચનાઓ આપો. જે જોડી તે સૂચના મુજબ કરી શકે તે વિજેતા.

## ૨૪. વાંચીને સાચું વાક્ય લખો.

(૧) ખાંડના ડબબામાં કીડીઓ ચઢી છે.
ખાંડના ડબ્બામાં કીડીઓ ચઢી છે. ______

(૨) છોકરાં ફળિયામાં ગિલલી દંડા રમે છે.
છોકરાં ફળિયામાં ગિલ્લી દંડા રમે છે. ______

(૩) મેળામાં રંગબેરંગી ફુગગા મળતા હતા.
મેળામાં રંગબેરંગી ફુગ્ગા મળતા હતા. ______

(૪) મારી મમમીએ દહીંમાંથી લસસી બનાવી.
મારી મમ્મીએ દહીંમાંથી લસ્સી બનાવી. ______

(૫) આંખો ખુલલી રાખીને છીંક ખાઈ બતાવો.
આંખો ખુલ્લી રાખીને છીંક ખાઈ બતાવો. ______

## ૨૫. સાંભળો અને લખો.

આ એકમમાં આવતા હોય તેવા ચાર શબ્દો અને બે વાક્યોનું શ્રુતલેખન કરાવો.

## ૨૬. ફરી યાદ કરીએ...



(૧) તમને કોણે બનાવેલું મહોરું ગમ્યું? કેમ?
(૨) 'હોશિયાર કોણ?' વાર્તા કોણે કોણે ઘરે કહી હતી?
(૩) અડધા અક્ષરો લખવામાં શી મુશ્કેલી પડતી હતી?
(૪) તેમાંથી તમને કયા કયા શબ્દ યાદ છે? બોલો.
(૫) કઈ રમત રમવાની મજા પડી? કેમ?
(૬) કોણ કોણ વર્ગમાં રડ્યા? / ઝઘડ્યા હતા? ક્યારે? કેમ?
(૭) આ એકમનું કયું પાનું ગમે છે? કેમ?

## ૨૭. હસહસાટ

રમેશ : પપ્પા, તમે કાલે જે દાખલા ગણાવેલા તે બધા ખોટા પડ્યા!
પપ્પા : ઓહ, સૉરી કે...!
રમેશ : ચિંતા ના કરો પપ્પા, કોઈના ડૅડીના ખરા પડ્યા નથી!






| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | |

### એકમ-૫ની પૂર્વતૈયારી...

- પ્રવૃત્તિ માટે દડો, રૂમાલ
- ચિત્ર કેલેન્ડર, બોર્ડબુક, શબ્દકાર્ડ, અક્ષરકાર્ડ
- રમતગમતનાં સાધનો

શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................
તારીખ : ........................ તારીખ : ........................

૨૦ + ૩ = ...................... નો જવાબ: દાંતિયો

# ૫. વ્હાલા મારા ચાંદામામા

H6H8K3

૧. રમતાં રમતાં ગીત ગાઈએ.

અમે ચાંદો સૂરજ રમતા'તા,
રમતાં રમતાં પૈસા જડ્યા,
પૈસાનાં મેં ચીભડાં લીધાં.
ચીભડે મને બી દીધાં,
બી બધાં મેં વાડમાં નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો.
વેલો મેં ગાયને નીર્યો,
ગાયે મને દૂધ આપ્યું.
દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીંછું આપ્યું.
પીંછું મેં બાદશાહને આપ્યું,
બાદશાહે મને ઘોડો આપ્યો.
ઘોડો મેં બાવળિયે બાંધ્યો,
બાવળે મને શૂળ આપી,
શૂળ મેં ટીંબે ખોસી !
ટીંબે મને માટી આપી,
માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડો આપ્યો.
ઘડો મેં કૂવાને આપ્યો
કૂવાએ મને પાણી આપ્યું
પાણી મેં છોડને પાયું
છોડે મને ફૂલ આપ્યાં
ફૂલ મેં પૂજારીને આપ્યાં
પૂજારીએ મને પ્રસાદ આપ્યો
પ્રસાદ મેં બાને આપ્યો
બાએ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગ્યો
ને હું આવડો મોટો થઈ ગ્યો.

| | |
|---|---|
| ચાંદો | સૂરજ |
| ચાંદો | ______ |
| ચીભડું | બી |
| ______ | ______ |
| વાડ | વેલો |
| ______ | ______ |
| ગાય | દૂધ |
| ______ | ______ |
| મોર | પીંછું |
| ______ | ______ |
| બાદશાહ | ઘોડો |
| ______ | ______ |
| બાવળ | શૂળ |
| ______ | ______ |
| ટીંબો | માટી |
| ______ | ______ |
| કુંભાર | ઘડો |
| ______ | ______ |
| કૂવો | પાણી |
| ______ | ______ |
| છોડ | ફૂલ |
| ______ | ______ |
| પૂજારી | પ્રસાદ |
| ______ | ______ |



૨૦ + ૪ = ..................... નો જવાબઃ નાળિયેર

* કોઈ પણ ચાર ચિત્રો દોરો. નામ લખો.

૨. 'ખો-દડા-ખો' રમત રમો.

વિદ્યાર્થીઓની બે ટીમ બનાવો. એક ટીમના સભ્યોને એક દડો આપો. (પોચો દડો પસંદ કરો) બીજી ટીમના વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી દાવ લેવા આવશે. તે જે વિદ્યાર્થીના હાથમાં દડો હોય તેને આઉટ કરવા તેની તરફ દોડશે. જેના હાથમાં દડો છે તે પકડાઈ જાય એમ લાગે તો તે દડો પોતાની ટીમના બીજા વિદ્યાર્થીને આપશે / ફેંકશે કે ઉછાળશે.

બે મિનિટમાં દાવ લેનારે જેટલા વિદ્યાર્થી આઉટ કર્યા તે ટીમના પોઈન્ટ કહેવાય.

ત્યાર બાદ બીજી ટીમને દડો આપી આ રીતે રમાડો.

આમ, ત્રણ રાઉન્ડ રમાડવા. ધ્યાન રાખીએ, દરેક બાબતે પકડવા જનાર વિદ્યાર્થી જુદો જુદો હોય.

ઉ. વાર્તા સાંભળો.

## જેઠાદાદાની વાર્તા



નાનું એવું એક ગામ હતું. એમાં બધાંય માણસો અભણ! કોઈ કંઈ સમજે નહિ ને કોઈ કંઈ સાંભળે નહિ, એકેય ચીજને ઓળખેય નહિ ને કોઈનું નામ આવડેય નહીં!

એક વખત ચોમાસામાં એક ફળિયામાં એક જનાવર આવ્યું અને ડ્રાંઉં ડ્રાંઉં બોલવા લાગ્યું.

આ ગામમાં આવું જનાવર કોઈએ કોઈ દિવસ જોયેલું નહીં. એટલે આખા ગામનાં માણસો એકઠાં થયા અને વાંકા વળીને આંખ ઝીણી કરીને જોવા લાગ્યાં. સૌને થયું કે આ જનાવર કયું હશે? કોઈ જ ઓળખી ન શક્યું. સૌ ગાવા લાગ્યાં.

**આ પંક્તિઓનું વિદ્યાર્થીઓને ઝીલગાન કરાવવું.**

*"આ જનાવર કેવું જી?*
*ખબર હોય એ કે'જો જી.*
*ડ્રાંઉં ડ્રાંઉં એ બોલે જી.*
*આ જનાવર કેવું જી?*
*ખબર હોય એ કે'જો જી."*



એવામાં હરિયો બોલ્યો, "અરે! કાગડો હશે, કાગડો!"

થોડીવારમાં તો જનાવર કૂદતું કૂદતું ખાબોચિયા પાસે પહોંચ્યું. બધાં આંખો ફાડી ફાડીને જોવા લાગ્યાં અને પછી સૌ બોલ્યાં :

*"ડ્રાંઉં ડ્રાંઉં એ બોલે જી,*
*કૂદમકૂદ ચાલે જી.*
*આ જનાવર કેવું જી?*
*ખબર હોય એ કે'જો જી."*



આ સાંભળી પૂજલી કહે, "એ તો વાંદરો હશે, વાંદરો. ચોમાસું છે એટલે વગડામાંથી આવી ચડ્યો હશે."

એવામાં જનાવર તો ખાબોચિયામાં તરવા લાગ્યું, બધાને આશ્ચર્ય થયું અને સૌ બોલ્યાં:

*"ડ્રાંઉં ડ્રાંઉં એ બોલે જી,*
*કૂદમકૂદ એ ચાલે જી.*
*પાણીમાં એ તરતું જી.*
*ખબર હોય એ કે'જો જી."*



સાંભળીને સંજ્યો કહે, "અરે ભાઈ! એ તો બગલું હશે, બગલું! તમને શી ખબર પડે?"

તો શારદીએ કહ્યું, "અરે ભાઈ! બોલાવોને આપણા જેઠાદાદાને!" જેવું હશે એવું કહેશે. એ ઘરડું માણસ છે. એણે બધું જોયું-જાણ્યું હશે. આપણે તે શું સમજીએ!"

સૌ જેઠાદાદાને બોલાવવા દોડ્યાં. જેઠાદાદા તો રાડો નાખતા આવ્યા ને બોલ્યા, "અલ્યા ઓ, હવે તો કંઈ શીખો! હું કાંઈ અમર થોડો છું તે તમને કાયમ બધું કહ્યા કરીશ?"

જેઠાદાદા જનાવર પાસે આવ્યા અને આંખ આગળ હાથ લઈ જઈને બરાબર જોઈ ધીરે રહી બોલ્યાઃ



"ચપટી દાણા નાખો જી.
એની પરખ કરો જી.
ચણે તો જાણો ચકલી જી.
નહિ તો માનો મોર જી."
પછી દાણા નાખ્યા પણ તેણે ચણ્યા નહીં.
આ બધી ધમાલ જોઈને જનાવર બોલ્યું,

"હાંક્યે ન રાખો જેઠાજી,
તમે પડ્યા છો ખોટાજી,
ડ્રાંઉં ડ્રાંઉં હું બોલું જી,
કૂદમકૂદ હું ચાલું જી,
પાણીમાં હું તરું જી,
અમે મોજીલા દેડકાજી!"

**વાતચીત**

- દેડકાં ક્યારે દેખાય?
- આંખો ફાડી ફાડીને જોવું એટલે કેવી રીતે જોવું?
- દેડકો શું ખાય છે?
- "તમે પડ્યા ખોટાજી" આવું કોણ બોલ્યું?
- ચાલો, બધા એકસાથે દેડકાસનમાં બેસી દેડકાની જેમ બોલીએ.
- બધાં શું જોવા ભેગાં થયાં હતાં?
- વાર્તામાંથી તમને કોણ ગમ્યું?
- દેડકા ક્યાં રહે છે?
- 'જનાવર' શબ્દ વાર્તામાં કેટલી વાર આવ્યો?

૪. આ કયું જનાવર છે? એના વિશે ધારો.

**વિદ્યાર્થીઓને આ ચિત્રો બતાવી એના વિશે આવા પ્રશ્નો પૂછોઃ**
**(૧) આ ઊડતું/તરતું/કૂદતું/દોડતું હશે? (૨) તે શું ખાતું હશે? (૩) તે ક્યાં રહેતું હશે? (૪) તમારે તેનું નામ પાડવાનું હોય તો શું પાડશો? (૫) લોકો તેને કયા નામથી ઓળખે છે?**









## ૫. નીચે આપેલા શબ્દનો અર્થ સમજી ◯ કરો.

**૧. જનાવર**

જાંબુ　　　　માછલી　　　　પ્રાણી

**૨. આંખ ઝીણી કરીને જોવું**

ઝડપથી જોવું　　　　ધ્યાનથી જોવું　　　　થોડું જોવું

**૩. આંખો ફાડી ફાડીને જોવું**

આંખો મોટી કરીને જોવું　　　　આંખો પટપટાવીને જોવું　　　　નવાઈથી જોવું



## ૬. પ્રશ્નોના જવાબના શબ્દો આડાઅવળા થઈ ગયા છે. તેને યોગ્ય ક્રમમાં ગોઠવી જવાબ લખો.

૧. દેડકો કૂદતાં કૂદતાં ક્યાં પહોંચ્યો?

જ. પહોંચ્યો દેડકો પાસે કૂદતાં કૂદતાં ખાબોચિયા.

..............................................................................................

૨. જેઠાદાદાએ દેડકાને શું ખવડાવવા કહ્યું?

જ. ખવડાવવા દાણા કહ્યું જેઠાદાદાએ દેડકાને.

..............................................................................................

૩. જેઠાદાદાએ દેડકાને કેવી રીતે જોયો?

જ. હાથ આંખ ધરીને આગળ જેઠાદાદાએ જોયો દેડકાને.

..............................................................................................

૪. ચોમાસામાં ફળિયામાં શું આવ્યું?

જ. આવ્યો દેડકો ફળિયામાં ચોમાસામાં.

..............................................................................................

૭. વાંચો, ગણો, લખો.

વિદ્યાર્થીઓને તેમનો હાજરીપત્રક નંબર કહેવો. તે નંબરની લીટીમાંથી શબ્દ વગેરે ગણવા કહો.

૧. તમારા હાજરીપત્રક નંબરની લીટીમાં કેટલા શબ્દો છે?

૨. તે લીટીના પહેલા બે શબ્દોમાં કેટલા અક્ષરો છે?

૩. તમારા નામના પહેલા અક્ષરથી શરૂ થતા શબ્દો કેટલા છે?

૪. ઉપરના ત્રણેય જવાબોનો સરવાળો કેટલો?

૫. તમારી બાજુમાં બેઠેલા મિત્રથી વધુ કે ઓછા?

૮. નવું જોડકણું બનાવો.

| દેડકો | વાંદરો |
| --- | --- |
| ડ્રાંઉં ડ્રાંઉં હું બોલું જી | |
| કૂદમકૂદ હું ચાલું જી | |
| પાણીમાં હું તરું જી | ઝાડ પર હું |
| અમે મોજીલા દેડકાજી | |

- મજા પડી? નીચેનાં જોડકણાં વાંચો અને બીજાં જોડકણાં બનાવી મિત્રોને, ઘરે, પ્રાર્થનાસભામાં સંભળાવો.

પાપા પગલી મામાની ડગલી
મામાની ડગલી હીરાની ઢગલી
હીરા ઊછળિયા આભલે અડિયા
આભલે અડિયા તારા બનિયા

ગપીને ઘેર આવ્યા ગપીજી
હાંકે સાવ ખોટા ગપગોળાજી
એક કહે, મેં જોયું બાર હાથનું ચીભડું
બીજો કહે, મેં જોયું તેર હાથનું બી

૯. ચિત્ર જુઓ, બધાં બાળકોનાં નામ લખો, વાતો કરો. (ચિત્ર કૅલેન્ડરનો ઉપયોગ કરવો.)




**વાતચીત**

- ચિત્રમાં બાળકો કઈ કઈ રમતો રમતાં દેખાય છે?
- રમવાનાં ક્યાં ક્યાં સાધનો દેખાય છે?
- તમારી પાસે રમવાનાં ક્યાં સાધનો છે?
- ચિત્રમાં દેખાતી રમતોમાંથી કઈ કઈ રમતો તમને રમતાં આવડે છે? કહો, કેવી રીતે રમાય?
- રમતનું મેદાન ક્યાં આવેલું હશે? કેટલાં બાળકો ક્રિકેટ રમે છે?
- સૌથી વધુ કોને દોડવું પડતું હશે?
- બધાં જ બાળકો ખૂબ જ ખુશ કેમ દેખાય છે?
- બધાં જ બાળકોએ એકસાથે કોઈ રમત રમવી હોય તો કઈ રમત રમી શકાય?
- ચાર-ચારના જૂથમાં બેસી વાર્તા બનાવો.

**બાળકોને આ પુસ્તકનાં કે અન્ય ચિત્રો/બીજી વાર્તાની સ્થિતિમાં ફેરફાર કરવાનું કહી વાર્તા બનાવી બોલવા કહેવું.**

**જેમ કે, (૧) આ બાળકો રમે છે ત્યાં વાઘ રમવા આવે તો...!**

**(૨) સિંહ, દેડકો અને જેઠાદાદા આવે તેવી વાર્તા કહો.**

## ૧૦. આંચાકાનાજી રમો.

વિદ્યાર્થીઓને ઊંધા ઊભા રાખી એક પછી એક વસ્તુ જમીન પર નાખો. વિદ્યાર્થીઓને તે વસ્તુના અવાજ પરથી વસ્તુ ઓળખી કાઢવા કહો. જેમ કે; ફૂટપટ્ટી, ગ્લાસ, ડિશ, પેન, પેન્સિલ, સિક્કો.




બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ.
મારી ચપટી વાગે છે પટ્ટ...પટ્ટ...પટ્ટ...
જાણે ફૂટે બંદૂકડી ફટ્ટ...ફટ્ટ...ફટ્ટ...
પેલી બિલ્લી ભાગે છે ઝટ્ટ...ઝટ્ટ...ઝટ્ટ...
બા, મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ.
બા, તું કપડાં ધુએ છે ધબ્બ...ધબ્બ...ધબ્બ...
હું પાણીમાં નહિ કરું છબ્બ...છબ્બ...છબ્બ...
મારી ચપટી ભીંજાઈ જાય ડબ્બ...ડબ્બ...ડબ્બ...
બા, મને મુન્ની રમાડતાં આવડી ગઈ...

- રમેશ પારેખ




(૧) કપડાં ધોવાનો અવાજ : ______

(૨) ચપટીનો અવાજ : ______

(૩) ભીના હાથની ચપટીનો અવાજ : ______

(૪) બંદૂક ફૂટવાનો અવાજ : ______

## ૧૩. બોલો અને લખો.

શિક્ષકે આ પ્રકારે શબ્દોનું ઉચ્ચારણ કરાવીને ત્યાર બાદ લેખનની પ્રવૃત્તિ કરાવવી.

| | | | |
|---|---|---|---|
| ૧. જલેબી | - જલેબી | ૪. ધુબાકા | - ______ |
| ૨. ફિલમ | - ______ | ૫. ગિલી | - ______ |
| ૩. ચલક | - ______ | ૬. પેલે | - ______ |

જો 'જલેબી'ને 'જલ્લેબી' કહીએ તો કેવી મજા પડે!



## ૧૪. સવાલ એક - જવાબ એક - અક્ષર ડબલ.

વિદ્યાર્થીઓને નીચે જેવા પ્રશ્નો પૂછો. તેમને જે જવાબ હોય તેના અક્ષર બેવડાવીને બોલવા કહો. જેમ કે, જવાબ 'ગામ' હોય તો 'ગામ્મ' બોલવું. જવાબ 'લાંબું' હોય તો 'લાંબ્બું' બોલવું.

૧. આજે તમે મધ્યાહ્‌ન ભોજનમાં શું ખાધું?
૨. તમે શાનાથી ખાધું?
૩. તમારા ઘરે ભોજન કોણ બનાવે છે?
૪. તમને કઈ રમત ગમે?
૫. તમારા મિત્રનું નામ શું છે?



## ૧૫. આવાં વાક્ય તમે બનાવી શકો? તો બનાવોને!

ઉદાહરણમાં આપેલા વાક્યનું વિદ્યાર્થીઓને સમૂહમાં મોટેથી ઝીલવાંચન કરાવો. ત્યાર બાદ તેમને આપેલાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દનો એક અક્ષર ઉદાહરણ મુજબ બનાવી લખવાનું અને મોટેથી વાંચવાનું કહો.

| | |
|---|---|
| ૧. કેવો <u>ટેટા</u> જેવો થયો છે! | કેવો ટેટ્ટા જેવો થયો છે! |
| ૨. કેવી <u>ગજબ</u>ની દુનિયા છે! | |
| ૩. <u>અજબ</u> જેવી વાત છે! | |
| ૪. અમે મેળામાં ખૂબ <u>મજા</u> કરી. | |
| ૫. વાંદરાને બિલ્લી સાથે <u>ડખા</u> થયા. | |
| ૬. તમે <u>કાયમ</u> આમ જ રહો છો? | |

## ૧૬. વાંચો.

આ વાક્યો મોટેથી વાંચો. ત્યાર બાદ એક એક વાક્યનું <u>સમૂહમાં</u> ઝીલવાંચન કરાવો. લીટી દોરેલો શબ્દ આવે ત્યારે વિદ્યાર્થીઓ પાટલી પર હાથ પછાડશે. ત્યાર બાદ વિદ્યાર્થીને વારાફરતી ઊભા થઈને મોટેથી શબ્દ વાંચવા કહો.

૧. કાગડો <u>તરસ્યો</u> હતો. કુંજામાં પાણી ઓછું હતું. પછી કાગડાએ <u>યુક્તિ</u> કરી.

૨. ફૂલસિંગનો ફટાકડો ફટ્ટાક દઈને ફૂટ્યો.

૩. ભરતપુરનો ભવ્ય ભટ્ટ, લાડવા કરે સફાચટ્ટ!

૪. જગ્ગુ જુઠ્ઠું બોલ્યો એટલે તન્નુએ તેની કિટ્ટા કરી.

૫. મમ્મીએ ચુન્નુને તડકામાં રમવાની ના પાડી હતી. ચુન્નુ તડકામાં રમીને આવ્યો. મમ્મીએ ગુસ્સે થઈ કહ્યું, "ચુન્નુ, તું જક્કી છે!"

૬. ત્રિશાએ પપ્પા પાસે સો રૂપિયા માગ્યા. પપ્પાએ તેને ફક્ત પચાસ રૂપિયા આપ્યા.

૭. દાદા દરરોજ કૃષ્ણમંદિરે જાય છે. તે કૃષ્ણના ભક્ત છે.

૮. આપણા રાજ્યનું નામ ગુજરાત છે.

૯. મારા કાકા ધનસુખલાલ ગજ્જર ધનાઢ્ય માણસ છે. તેમની પાસે ખૂબ પૈસા છે. તેઓ હંમેશાં ઍરોપ્લેનમાં પ્રવાસ કરે છે.

૧૦. હું શાળાએ જઈ શકું તેમ નથી. મેં શિક્ષકને રજાચિઠ્ઠી આપી છે.

## ૧૬. હવે, લીટી દોરેલા શબ્દો લખો.

૧૭ : ગીતનું ગાન અને સમૂહગાન કરો.



## અમે રેતીમાં રંગભેર...

અમે રેતીમાં રંગભેર રમતાં'તાં
અમે ભાઈ-બહેન સૌને ગમતાં'તાં
અમે બાગ બગીચે રમતાં'તાં
અમે ખીલેલાં ફૂલડાં સૂંઘતાં'તાં
અમે રેતીમાં...

અમે ચાંદાની ચાંદનીમાં રમતાં'તાં
ઝીણા ટમટમતા તારલિયા ગણતાં'તાં
અમે રેતીમાં...

અમે નદી તળાવે ફરતાં'તાં
પાણી દેખીને તરવા પડતાં'તાં
અમે રેતીમાં...

અમે માટીના કૂબા કરતાં'તાં
તે જોઈ આનંદે નાચતાં'તાં
અમે રેતીમાં...



નવ પછી આવે. ______

## વાતચીત

- તમને આમાંથી શું કરવું બહુ ગમે?
- ગીતના જે શબ્દો યાદ હોય તે બોલો.
- ફૂલડાંવાળી લીટી વાંચી અભિનય કરો.
- તારલિયાવાળી લીટી ગાઈ અભિનય કરો.
- 'અમે' એટલે કોણ કોણ?
- તમે રમવા માટે ક્યાં ક્યાં જાઓ છો?
- આ કવિતા કોણે લખી હશે? ક્યારે લખી હશે?



## ૧૮. ગીતમાંથી શોધો.

**સાચું શું? √ કરો.**

| | |
|---|---|
| | અમે ફૂલડાં તોડતાં હતાં. |
| | અમે ફૂલડાં સૂંઘતાં હતાં. |
| | અમે તારા તોડતાં હતાં. |
| | તારા હતાં અમે ગણતાં. |
| | અમે ચાંદાની ચાંદનીમાં રમતાં હતાં. |
| | અમે તારાની ચાંદનીમાં રમતાં હતાં. |
| | હતાં ઘર માટીનાં અમે બનાવતાં. |
| | અમે માટીના ડુંગરા બનાવતાં હતાં. |

# ૧૯. ચીતરો અને ચિત્રકાર બનો.

| | |
|---|---|
| રંગોળી | ફૂલ |
| રોબૉટ | તમને ગમતું... |

ચિત્રકાર :

## ૨૦. 'વાંચીમાર' રમો.

**જોડાક્ષરવાળા શબ્દો : ટક્કર, ધક્કો, મુઠ્ઠી, કબડ્ડી, લજ્જા, અદ્દલ, ગફ્ફો, ગઠ્ઠો, બુઠ્ઠી, ચિઠ્ઠી, વગેરે**

## ૨૧. વાંચો.

(૧) ઉત્પલા કબડ્ડી રમે છે. તેની ટીમમાં દિવ્યા અને ઉપેક્ષા પણ છે. દિવ્યા ટીમની કપ્તાન છે.

(૨) તમે લક્કડખોદ જોયું છે? જબ્બર સુંદર દેખાય!

(૩) અલ્પેશને સક્કરટેટી ખૂબ ભાવે. સક્કરટેટી ખાવામાં તે અને તેના પપ્પા એક્કો!

(૪) ખચ્ચરનો ધક્કો વાગતાં વિષ્ણુ પડી ગયો. તેને દવાખાને લઈ જવો પડ્યો. હવે તેને સારું છે.

(૫) સૂર્ય પૂર્વમાં ઊગે ને પશ્ચિમમાં અસ્ત થાય.

## ૨૨. જોડાક્ષર શોધીને લખો

આવી સ્થિતિમાં પણ સુરેશ ડગ્યો નહીં. તે ચિત્રો દોરતો , સ્ટુડિયોમાં બેસતો, ખૂબ કામ કરતો. પરિસ્થિતિ સુધરી. તે ફિલ્મો બનાવવા લાગ્યો.

| | | | |
|---|---|---|---|
| ડગ્યો | | | |

## ૨૩. મિત્રો સાથે મળી નીચેની સૂચનાઓની ચિઠ્ઠીઓ બનાવો.

**પહેલાં બધી ચિઠ્ઠીઓની ક્રિયાઓનો પરિચય વિદ્યાર્થીઓને કરાવો. વર્ગની/મેદાનની સ્થિતિ મુજબ અન્ય ક્રિયાઓની ચિઠ્ઠી પણ બનાવડાવી શકો.**

| | | | |
|---|---|---|---|
| ૧ | ચાર કૂદકા મારો. | ૨ | કમર પર હાથ મૂકી પાંચ ડગલાં ચાલો. |
| ૩ | સ્કૂટર ચલાવો. | ૪ | બંને ઘૂંટણ પર હાથ રાખી ચાલો. |
| ૫ | દેડકાની જેમ દોડો. | ૬ | કાર ચલાવો. |
| ૭ | ત્રણ તાળી પાડો. | ૮ | અવળા પગે ચાલો. |

- બધી ચિઠ્ઠીઓ વાળીને ભેગી કરો. વારાફરતી ચિઠ્ઠી ખેંચો. જેની ચિઠ્ઠીમાં જે આવે તે મુજબ કરો. બાકીના મિત્રો તે ઓળખી કાઢશે.

## ૨૪. ચિત્રો જુઓ. વાક્યો વાંચો. દરેક વાક્યની પાછળ તેને લાગુ પડતા ચિત્રનો નંબર લખો. ત્યાર બાદ તે મુજબ રમો.




- દેડકાની જેમ દોડો. ( )
- લંગડી લઈને દોડો. ( )
- મિત્રના ખભે હાથ મૂકી સાથે દોડો. ( )
- હાથ હલાવ્યા વગર દોડો. ( )
- એક હાથ અને બે પગે દોડો. ( )

## ૨૫. વાંચો અને રમો.

**આ રમત માટે વિદ્યાર્થીઓનાં પાંચ-પાંચનાં જૂથ બનાવો. તેમની જાતે જ વાંચીને રમવા કહો. સૂચના મુજબ ન રમે તો તે ટુકડીને ફરી વાંચવા કહો. બે-ત્રણ દિવસ રમાડો.**

૧. મેદાનમાં/વર્ગમાં એક ગોળ દોરો.

૨. રૂમાલ લટકતો રહે એમ પોતાના જમણા પગ સાથે બાંધો.

૩. વર્તુળમાં ચાલવાનું શરૂ કરો.

૪. બીજાના રૂમાલ પર પગ મૂકવાનો પ્રયત્ન કરો.

૫. જેનો રૂમાલ બીજાના પગ નીચે આવી જાય તે આઉટ ગણાય.



- છેલ્લે સુધી કોણ આઉટ ન થયું? તેનું નામ લખો. ..............................

### વાતચીત

- રમવાની મજા આવી? તેમાં શું કરવાની સૌથી વધુ મજા આવી?
- રમત રમવા માટે પહેલાં શું કર્યું? પછી શું કર્યું?
- કોણ પડી ગયું હતું?

જેના વડે સાંભળી શકાય. ..............................

## ૨૬. રમતોનાં ચિત્રો / બૉર્ડબુક જુઓ, લખો.

જુદી-જુદી રમતનાં ચિત્રો બાળકોને બતાવો. તે રમતનો પરિચય કરાવો. રમતનાં નામ નોટબુકમાં લખાવવાં.

- રમતોને લગતા શબ્દોની નીચે લીટી કરો.

જીત, દડો, પૉઇન્ટ, શિક્ષક, ભાઈબંધ, ટીમ, અમ્પાયર, પાર્ટી, સ્ટમ્પ, ગિલ્લી, કૂકરી, પાસો, અમદાવાદ, પત્તાં, સાપસીડી, પાવડર, નદી-પર્વત, મેદાન, રૂમાલ, પતંગ, ચિક્કી, કિન્ના, પપ્પા, ચિઠ્ઠી, રન, ડ્રો, ધુપ્પીસ, જૂથ, રૅકેટ, ફૂલ, રીંગ, બકઅપ

## ૨૭. ગબ્બરને પકડદાવ રમવાનું ખૂબ ગમે. તેણે પકડદાવ વિશે લખ્યું તે વાંચો. હવે તમને ગમતી રમત વિશે પહેલાં આપેલી ખાલી જગ્યા પૂરો.

| ગબ્બર | |
|---|---|
| મારું નામ ગબ્બર છે. મને પકડદાવ ખૂબ ગમે. અમે છ ભાઈબંધો રમીએ છીએ. જેનો દાવ તે બીજાને પકડે. અમે બધા દોડીએ છીએ. જે પકડાય તે દાવ દે છે. | મારું નામ ________<br>મને ________ ખૂબ ગમે.<br>અમે ______ મિત્રો મળીને તે રમીએ છીએ.<br>________<br>________<br>________ |

ગબ્બરના પપ્પા નાના હતા ત્યારે “અંખી-પંખી” રમતા.

તેમાં એક કહે, “અંખી પંખી...”

બીજો કહે, “ડાબા ડંખી...”

ત્યારબાદ તમે જે રમત રમો છો તેના વિશે આગળ ત્રણ-ચાર વાક્યો લખો.

પછી

પહેલો પૂછે, “આટલા આટલામાંથી ગરોળી બતાવો.”

બીજો ગરોળી શોધી કાઢે તો તે “અંખી પંખી...” એમ બોલે ને રમત આગળ ચાલે.

## ૨૮. તમે બધાં મોટેરાંને પૂછ્યું કે તે નાનાં હતાં ત્યારે કઈ કઈ રમતો રમતાં હતાં ? પૂછો અને લખોઃ

| મમ્મી | પપ્પા | દાદા | દાદી | શાળાના આચાર્ય |
|---|---|---|---|---|
| | | | | |



મિત્રને પૂછો : ઘણ વણ ઘડ્યાં, એરણ ન અડ્યાં. (જવાબ માટે ૭૦+૭ = ........ પર જાઓ.)

તોતેર

તેમને તેમાંથી કોઈ પણ બે રમતો કેવી રીતે રમતા તે પૂછો. તેમાંથી કોઈ એક રમત બધાંને શીખવો.

૨૯. બે દેશો વચ્ચે રમત રમાય ત્યારે બન્ને દેશોનાં રાષ્ટ્રગીતનું ગાન થાય છે. તમને ખબર છે આપણા દેશનું રાષ્ટ્રગીત કયું છે ? તમારા શિક્ષક તમને રાષ્ટ્રગીત ગાતાં શીખવશે. તે સમૂહમાં ગાઓ.

**રાષ્ટ્રગીત**

જન ગણ મન અધિનાયક જય હે,
ભારત ભાગ્યવિધાતા
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ, જલધિ-તરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશિષ માગે
ગાહે તવ જયગાથા
જન ગણ મંગલદાયક જય હે,
ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે,
જય જય જય જય હે!

## ૩૦. ફરી યાદ કરીએ...!



(૧) આ પહેલાં રાષ્ટ્રગીત ક્યારે ક્યારે ગાયું હતું?
(૨) રાષ્ટ્રગીતમાં આ પહેલાં કયા શબ્દો ગાવામાં ભૂલ કરતા હતા?
(૩) કઈ રમત રમવાની મજા પડી હતી?
(૪) વાંચીને રમત રમવામાં શી મુશ્કેલી પડી? તમે શો ઉપાય કર્યો? ફરી વાંચીને રમવાનું થાય તો શું કરીશું?
(૫) કોણે બનાવેલું જોડકણું તમને ખૂબ ગમ્યું? કેમ?
(૬) કોણે સૌથી વધુ જોડકણાં બનાવ્યાં હતાં?
(૭) કયા જૂથની વાર્તા સાંભળવામાં મજા પડી? કઈ વાર્તા હતી?
(૮) આખા સંપુટમાં તમને શું કરવાનું ખૂબ ગમ્યું? દા.ત. વાર્તા / ગીતો / જોડકણાં બનાવવાં/ ચિત્ર પરથી વાતો / ચિત્રો દોરવાં / રમતો રમવી / લખવું.

# ૩૧. હસહસાટ

જિજ્ઞા, બીજો થોડો આઇસ્ક્રીમ આપું?
''ના, થૅન્ક યુ, આન્ટી.''
''થોડો તો લે.''
''મમ્મી, કહ્યું ને કે બીજી વાર ના લેવાય. મમ્મીને ખબર નહોતી કે પહેલી વાર તમે આટલો બધો ઓછો આપશો.''

**ઓળખી કાઢો, આ તે શું કે કોણ?**

(૧) ઘી ખાઉં, ગોળ ખાઉં, દૂધ ચપચપ પી જાઉં!

(૨) કાળા કાળા ડુંગર, જો કાળી કોયલ બોલે જો
સવારમાં ઊગિયો રે, સૂરજ સાંજે આથમી જાશે જો.

(૩) રમતાં રમતાં રાત પડી, ધોળી ઓઢણીએ ભાત પડી,
ઓઢણી રંગાઈને લાલ થઈ, આજ પૂરી ને કાલ થઈ.

(૪) આઉ મ્યાંઉ તરવા જાઉં
ખાઉં પીઉંને ફરવા જાઉં.

(૫) અરિયાળી વરિયાળી તારે શેના શેના કોડ?
અરિયાળી વરિયાળી મારે નવા ચશ્માના કોડ.

(૬) સાફ મારા કાન ને સાફ મારા દાંત છે,
સાફ મારા મોં ને પગ, સાફ મારા હાથ છે.

(૭) ગણગણ કરે પાંખ ફફડાવી ફરે
ચટ ચટ ચટકીને શરીરે ચક્ષમા કરે.

(૮) કેડ નાની પીઠ મોટી, ગળ્યું ખાવા દોટે
ચટકે વાટકે એવું કે કાળી ચીસ પડાવે.




| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | | | | | | | | | |

શિક્ષકની સહી : .......................... વાલીની સહી : ..........................
તારીખ : .......................... તારીખ : ..........................


મિત્રને પૂછો : છ પગ છાપરે બે ડબા દૂઝે; વાંસે વધ્યું પૂંછડું, એનું કાંઈ સૂઝે?
(જવાબ માટે ૭૦+૯ ....... પર જાઓ.)

# સમજુ બકરીઓ



એક નાનું ગામ. ગામ પાસે એક નદી હતી. નદી સાંકડી અને ઊંડી હતી. ચોમાસામાં એમાં ખૂબ પાણી આવતું. સામે કાંઠે જવા માટે લાકડાનો એક પુલ હતો. પુલ બહુ સાંકડો હતો. પુલને કઠેડો ન હતો તેથી તેના પરથી ખૂબ જ સાચવીને જવું પડતું.



બપોરનો સમય હતો. પુલ પર વધારે અવરજવર ન હતી. તેવામાં પુલના સામસામેના છેડેથી બે કૂતરા આવ્યા. બેઉ એકબીજા સામે ભસવા લાગ્યા. વાત વધી પડી. બેઉ એકબીજા સાથે લડવા લાગ્યા. આમ કરતાં બેઉ પુલ પરથી લપસી ગયા. બેઉ નદીના ઊંડા પાણીમાં પડી ગયા.



થોડો સમય થયો. પછીથી પુલ પર બે બકરીઓ સામસામેથી આવી. પુલની વચમાં બેઉ ભેગી થઈ. બેઉ બકરીઓ સમજુ હતી. તે કૂતરાની જેમ ઝગડી નહીં. પહેલાં એક બકરી નીચે નમીને બેસી ગઈ. બીજી બકરી તેના પરથી સાચવીને પસાર થઈ ગઈ. તે જેવી પસાર થઈ ગઈ કે બેઠેલી બકરી ઊભી થઈ - બેઉ પોતપોતાને રસ્તે ચાલતી થઈ ગઈ. કેવી સમજદાર બકરીઓ!



| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માટ | માઠા | રાક | માત | ડચાક | તડકા | દબાવ | થપાટ | તપાસ | દબાણ |
| માણ | માદા | રાન | માફ | તણખા | તણાઈ | તણાવ | દહાડા | તરાપ | ધરાખ |
| માપ | માલા | રાય | માસ | તબલાં | તમામ | તાકાત | દબાઈ | તણખા | નગારાં |
| માવ | યાદ | રાર | યાન | તલાશ | થકાન | તમાશા | ઢળાવ | તરણા | પટારા |



કેરીમાંથી નીકળે. ..........

છોતેર

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

વજન ખીચડી છાબડી
આદર રાધા નીલમ
છાણ ગૌરવ ઠળિયો
માણ યતિ ઝરણું
પૌંઆ વાંદરો ખાનું
કંપાસ દાબડી નૌકા

ભણે છે.

ગણિત ભણે છે.

સૌરવ ગણિત ભણે છે.

ઓળે છે.

વાળ ઓળે છે.

ગૌરી વાળ ઓળે છે.

સાંકડી પુલ કઠેડો
બેઉ સમજુ ઝગડી
સાચવીને પસાર સમજદાર



૭૦ + ૩ = ................ નો જવાબ: મોતી

સિત્યોતેર

તમારા મિત્ર સાથે વાતચીત કરી ચિત્રના આધારે વાર્તાનાં વાક્યો લખો.





શિક્ષકની સહી : ..........................

તારીખ : ..............................

વાલીની સહી : ..........................

તારીખ : ..............................



તાળું ખોલવા જોઈએ.

# આ કેરી આપણી નથી



યુગ, મનીષ અને જિજ્ઞેશ ત્રણેય મિત્રો હતા. એક દિવસ તેઓ ફરવા નીકળ્યા.

ફરતાં ફરતાં ગામના મંદિરે ગયા. ચૈત્રી નવરાત્રીની આઠમનો આજે યજ્ઞ હતો. મંદિરની યજ્ઞવેદીમાં હવન થતો હતો.



મનીષને અચાનક યાદ આવ્યું. નિશાળમાં આજે જુદા જુદા આકારો વિશે ભણાવેલું. મંદિરની ધજા જોઈને એ બોલી ઊઠ્યો: અરે! આનો આકાર તો ત્રિકોણ છે. યજ્ઞવેદીનો આકાર જોઈ કહે, આ તો ચતુષ્કોણ છે. યુગ અને જિજ્ઞેશ બોલ્યા, પેલા બગીચામાં જઈએ. ત્રણેય મિત્રો બગીચામાં ગયા. બગીચાને જોઈ મનીષ બોલી ઊઠ્યો: અરે! આ બગીચાનો આકાર તો ષટ્કોણ છે. ત્રણેય મિત્રો બગીચામાં આંબાના ઝાડ નીચે બેઠા.

યુગે ઉપર નજર કરી તો આંબા પર મોટા મોટા મરવા લટકે. કાચી કેરી જોઈ ત્રણેયના મોઢામાં પાણી આવ્યું. એટલામાં આંબા પર સળવળાટ થયો. એક વાંદરો આંબા પર બેઠો હતો. લીલાં પાનની ઘટામાં એ દેખાતો નહોતો. તેણે એક ડાળ પરથી બીજી ડાળ પર કૂદકો માર્યો. એ સાથે જ એક કાચી કેરી ઝાડની નીચે પડી. ત્રણેય મિત્રો ખુશ થઈ ગયા. કેરી જોઈને ખાવાનું મન થયું. પણ જિજ્ઞેશે કહ્યું: ''આ કંઈ આપણો આંબો નથી. આપણાથી આ કેરી ન ખવાય. ચાલો, પેલા માળીકાકા ત્યાં છોડને પાણી પિવડાવે છે એમને આ કેરી આપી દઈએ.''



યુગ કહે, બરાબર છે, ચાલો. કેરી લઈ ત્રણેય માળીકાકા પાસે ગયા. કહે, 'લો માળીકાકા, આ કેરી વાંદરાએ પાડી છે'.

માળીકાકા કહે, 'અરે ભાઈ! એમાં વળી મને શું આપવાની? તમે ખાઈ જાવ!'

યુગ કહે, 'તમારી મહેનતથી આ ફળછોડ ઊછરે છે. એનાં ફળ કંઈ અમારાથી લઈ લેવાય?'

માળીકાકા કહે, 'પણ હવે તો હું તમને ખાવા આપું છું. તમે એને જરૂર ખાવ. અને હા, તમારી વાડીમાં પણ આંબા વાવો તો કેવું સારું! તમને પણ કેરી મળે ને!' ત્રણેય મિત્રો કહે: ''હા, હા, માળીકાકા, અમે જરૂર આંબા વાવીશું.''

| | | | | |
|---|---|---|---|---|
| લતા, મમરા વઘાર. | આકાશ, બાકસ લાવ. | ટમક તારા. | ભરત કાન બતાવ. | નાના મારા હાથ. |
| છાયા, માખણ હલાવ. | કાના, ફાનસ સળગાવ. | ગાવા આવ. | જગત નાક બતાવ. | નાના મારા પગ. |
| ભાવના, ફરવા જા. | જમના, ફાફડા ખા. | ભણવા આવ. | કનક ગાલ બતાવ. | નાના મારા કાન. |
| માયા, કાગળ લાવ. | ઉષા, સામાન ઉપાડ. | ખાવા આવ. | રમા ઝાડ બતાવ. | ખા ગાય ખા. |



૭૦ + ૫ = ................ નો જવાબઃ ત્રાજવું | ઓગણ્યાએંશી

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | |
|---|---|---|
| ઉષા | જ્ઞાતિ | ત્રેવડ |
| ત્રણ | પવિત્ર | મનીષા |
| જ્ઞાની | પ્રજ્ઞા | શૈશવ |
| શત્રુ | દેવાંશ | શૂરવીર |
| રાત્રી | પંચમ | ત્રિકોણ |
| ભાષા | યજ્ઞ | આશિષ |

---

| | |
|---|---|
| બદામપાક | થનથનાટ |
| બલકારક | ધમધમાટ |
| ભજનમાલા | નગરસભા |
| ભડકાદાર | નવલકથા |
| ભડભાદર | ફડફડાટ |
| ભરતકામ | ફળદાયક |
| મકાનદાર | બજારકામ |

---

| | | |
|---|---|---|
| ત્રણ | મિત્રો | યુગ |
| જિજ્ઞેશ | મનીષ | ષટ્કોણ |
| યજ્ઞવેદી | ચતુષ્કોણ | સળવળાટ |



તેમાં બેસીને આકાશમાં ઉડાય. ______ એંશી

તમારા મિત્ર સાથે વાતચીત કરી ચિત્રના આધારે વાર્તાનાં વાક્યો લખો.





શિક્ષકની સહી : ..........................
તારીખ : ..............................

વાલીની સહી : ..........................
તારીખ : ..............................



મિત્રને પૂછો : એક જનાવરઈતું, કે પૂંછડે પાણી પીતું. (જવાબ માટે ૮૦ + ૩....પર જાઓ.)

# એકમ-ઉના વિશેષ મહાવરા માટે

## ઋષિનો આશ્રમ



એક આશ્રમ હતો. તેમાં એક ઋષિ અને શિષ્યો રહેતા હતા. એક વખત ઋષિ એક વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં અચાનક એક શિષ્ય હાથમાં કશુંક લઈને દોડતો આવ્યો, અને બોલ્યો...

ઋષિવર, આપણા આશ્રમના ઉપવનમાં આ સસલું તરફડતું હતું.

અરે! ધોળા ધોળા રૂ જેવા આ મૂંગા સસલાને કોણે ઘાયલ કર્યું હશે?

ઋષિ: આ સસલાને શું થયું છે?



શિષ્ય: અરે, કોઈએ એને ઘાયલ કર્યું છે. હું એને ઔષધિ લગાડવા અહીં લાવ્યો છું.

(ઘાયલ સસલાને જોઈ ઋષિનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં.)

ઋષિ શિષ્ય પાસેથી સસલું લઈ કુટિરમાં ગયાં, ત્યાં જઈ ઋષિએ ઈશ્વરને પ્રાર્થના કરી કે જેમણે આને ઘાયલ કર્યું હોય તેમને ક્ષમા કરજો. પછી ઋષિએ રૂ વડે સસલાનો ઘા સાફ કર્યો અને ઔષધિ લગાવી. થોડીવારે સસલાને કળ વળી એટલે ઋષિ પાસે રમવા લાગ્યું.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચીર | છરી | ટાઢી | તાકી | કઢાઈ | કાગડી | કસનળી | કામગીરી | હિમા, ગિરનાર ચઢ. |
| ચીલા | છાતી | ઝારી | તાળી | કણકી | કાચબી | કસવાળી | કારીગરી | મીના, ઘડિયાળ લાવ. |
| ચીસ | જતિ | ઠાલી | તાણી | કથણી | કાતરી | કાગવાળી | કારભારી | મિલન, માળા જપ. |
| છત્રી | જાળી | ઠીક | તીડી | કદીક | કાછડી | કાકરીયા | કાળિયાર | સવિતા, હિસાબ લખ. |
| છબી | ઝાલી | ડબી | તિથિ | કપચી | કાચલી | | | |



તે આવે ત્યારે સવાર થાય.

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

| | | |
|---|---|---|
| ક્ષત્રિય | ક્ષમા | રૂઆબ |
| શ્રમ | રૂબરૂ | ક્ષય |
| ઋષિ | શ્રાપ | દક્ષિણ |
| વરુણ | રક્ષણ | શ્રીમાન |

દક્ષા અને રક્ષા ઋષિ પાસે ગયાં.

શ્રાવણ માસમાં વરસાદ પડે છે.

નાક સાફ કરવા માટે રૂમાલ વાપરો.

| | | |
|---|---|---|
| ઋષિવર | ઔષધિ | વિશ્રામ |
| આશ્રમ | વૃક્ષ | ક્ષમા |
| ઉપવન | પુત્ર | ઘાયલ |

દિશા, વિમાન બતાવ.

કિરણ, જિરાફ બતાવ.

વિમલ, પિન લાવ.

રાધિકા, બરફી ખા.

તમારા મિત્ર સાથે વાતચીત કરી ચિત્રના આધારે વાર્તાનાં વાક્યો લખો.





શિક્ષકની સહી : ..........................

તારીખ : ..................................

વાલીની સહી : ..........................

તારીખ : ..................................

## એકમ-૪ના વિશેષ મહાવરા માટે



સચિન મામાને ગામ નવસારી ગયો હતો. બસની મુસાફરી પછી મામાને ઘરે પહોંચ્યો.

મામી પાણીનો ગ્લાસ ભરી લાવ્યાં. સચિન કહેઃ ''મામી, મારે પહેલાં હાથપગ ધોવા છે. પછી પાણી પીશ.''

મામી કહેઃ ''અરે, સચિનભાઈ, દૂરથી આવ્યા છો તો પહેલાં પાણી પીઓ, પછી બીજી વાત.''

સચિન કહેઃ ''ના ના મામી. હાથ પગ તો પહેલાં ધોવા પડશે. કેમ કે, બસમાં રસ્તે ઘણી ધૂળ ઊડતી હતી.''

મામી કહેઃ ''અરે, સચિનભાઈ, તમે તો બહુ ચોખલિયા! આ અમારા મહેશ તો સવારે બ્રશ કર્યા વગર જ ચા પીએ છે!''

સચિન કહેઃ ''અરે, મહેશ એવું કરે છે?''



''મામી એને સમજાવો કે સ્વચ્છતા રાખવી ખૂબ જરૂરી છે. જમતાં પહેલાં હાથ ધોવા જોઈએ અને જમ્યા પછી મોઢું કોગળા કરીને સાફ કરવું જ જોઈએ.''

મામી કહેઃ ''સચિનભાઈ, મહેશને તો નાહવાની પણ બહુ આળસ. ક્યારેક બે ત્રણ દહાડા પછી નહાય. રોજ-રોજ નાહવાનો પણ એને ભારે કંટાળો.'' સચિને કહ્યું, ''મામી, આવું તો કેમ ચાલે? ક્યાં ગયો મહેશ? મારે એને સમજાવવું પડશે. સ્વચ્છતા તો રાખવી જ જોઈએ. જો આપણા શરીરની યોગ્ય સફાઈ ન રાખીએ તો માંદા પડાય!''

મહેશે કહ્યું, ''સચિનભાઈ, તમને આ બધી સમજ છે તે બહુ સારું કહેવાય.''

''અરે મામી, અમારી શાળામાં ડૉક્ટર સાહેબ આવેલા. એમણે અમારી સૌની ચકાસણી કરી અને પ્રાર્થનાસભામાં શરીરની સ્વચ્છતા માટે કેટલીક અગત્યની વાતો કરેલી.''

મામી કહેઃ ''તો તો સચિનભાઈ, તમે એ બધી જ વાતો મહેશને પણ સમજાવોને.''

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કાણું | કૂચ | ગીતડું | ચવાણું | છબીલું | જલાવું | કળિયુગ | મનુ, પૂરી-શાક ખા. |
| કાબૂ | ખાઉં | ગુજરી | ચકલું | છણવું | જાગવું | કાકડિયું | કરુણા, સાબુ લાવ. |
| કાળું | ખાણું | ગુમાન | ચટાવું | છાબડું | જાણવું | કચરિયું | સુમન, દુકાન ઉઘાડ. |
| કુલ | ખાટું | ગુલામ | ચઢવું | છાલિયું | જાસૂદ | કાટકૂટ | સુનીલ, સુખડી બનાવ. |



૯૦ + ૧ = .......... નો જવાબઃ મૂળો

પંચાશી

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

આવ્યા ____ ____ પુસ્તક ____ ____ પપ્પા ____ ____

જગ્યા ____ ____ ચોખ્ખું ____ ____ અન્ય ____ ____

રસ્તો ____ ____ મચ્છર ____ ____ અગત્ય ____ ____

કાવ્ય ____ ____ અરણ્ય ____ ____ સ્વચ્છ ____ ____

---

અપ્પુ લસ્સી પીવે છે. ____

મુન્નીને શેરડી ભાવે છે. ____

રસ્સી એટલે દોરડું. ____

મારી પાસે છપ્પન રૂપિયા છે. ____

મમ્મી પાપડ બનાવે છે. ____

---

નવસારી ____ ગ્લાસ ____ કોગળા ____

મુસાફરી ____ બ્રશ ____ ડૉક્ટર ____

હાથપગ ____ સ્વચ્છતા ____ પ્રાર્થના ____

ભીમ લાડુ ખાય. ____

મયૂર મીઠું સફરજન ખા. ____

માંદા પડીએ ત્યારે કરાય. ____

## તમારા મિત્ર સાથે વાતચીત કરી ચિત્રના આધારે વાર્તાનાં વાક્યો લખો.





શિક્ષકની સહી : ..........................
તારીખ : ..............................

વાલીની સહી : ..........................
તારીખ : ..............................



૮૦ + ૯ = .......... નો જવાબ: વાળ

# એકમ-૫ના વિશેષ મહાવરા માટે



ચમન ચડ્ડી રમતમાં ખૂબ હોશિયાર. કબડ્ડીની રમતમાં એ પાવરધો. રમતી વખતે એ ખાસ ચડ્ડી પહેરતો. રંગીન પટ્ટીવાળી ચડ્ડી. એટલે જ એના નામ સાથે ચડ્ડી જોડાઈ ગયું.

કબડ્ડીની રમત રમતાં પહેલાં એનું મેદાન દોરાય. એ જવાબદારી પણ ચમન ચડ્ડીની. કબડ્ડીના પાટાઓ વચ્ચેનું યોગ્ય અંતર એ ફૂટપટ્ટી વડે માપીને નક્કી કરતો.

એક દિવસ મેદાનમાં સૌ છોકરાઓ બે ટુકડી પાડી કબડ્ડી રમતા હતા. ત્યાંથી પાંઉભાજીવાળો રામુ શેઠ્ઠી પસાર થતો હતો. છોકરાઓને રમતા જોઈ તે રમત જોવા ઊભો રહ્યો.

'કબડ્ડી કબડ્ડી' બોલતો ચમન ચડ્ડી સામે દોડયો. સામેની ટીમવાળા છોકરાઓએ ચમન ચડ્ડીને ઘેરી પકડી દબાવી દીધો.

તે જોઈ રામુ શેઠ્ઠી બોલી ઊઠ્યોઃ " છોડી દો- એનાં હાડકાં તૂટી જશે!"

એટલામાં છોકરાઓ વચ્ચે દબાયેલો ચમન ચડ્ડી જોશભેર 'કબડ્ડી-કબડ્ડી' બોલતો આવ્યો અને બે છોકરાઓએ એના પગ પકડી રાખ્યા હતા તેને ઘસડીને પાછો પોતાની ટીમમાં આવી ગયો. સૌ બોલી ઊઠ્યા : "વાહ! ચમન ચડ્ડી ઝિંદાબાદ"

રામુ શેઠ્ઠી તો અવાચક ! "અરે, આ ચમન ચડ્ડી તો ખરો ખેલાડી!"



| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કેટલું | ખેવડી | ચમેલી | જાહેર | મામા આવે. | મેવા લાવે. | આવતી કાલે બુધવાર થશે. |
| કેડિયું | ખેલવું | ચેતન | જેઠાણી | કાકા આવે. | કારેલાં લાવે. | મેહુલ ખૂબ સરસ ગાય છે. |
| કેવડા | ઘરેડ | ચેલમ | ઝવેરી | વરસાદ પડે. | દેડકાં તરે. | રમેશ જેતપુરમાં રહે છે. |
| કેવલ | ઘરેણું | છકેલ | ટામેટું | ઢેલ નાચે. | રાધા વાંચે. | ખેડૂત ખેતરે જાય છે. |

દવા લેવાથી થવાય. ________

## શબ્દ વાંચતાં જાઓ અને લખતાં જાઓ.

ભટ્ટ કબડ્ડી અક્કલ

લજ્જા વિદ્યા બાહ્ય

ભઠ્ઠી નફ્ફટ મુઠ્ઠી

શક્કરિયું કહ્યું પટ્ટી

---

આ નળને પક્કડ વડે ખોલવો પડશે.

દાદીને ચક્કર આવે છે.

મારો ભાઈ છઠ્ઠા ધોરણમાં ભણે છે.

ભોળા ભટ્ટ, લાડુ કરે ચટ્ટ.

સૈનિકો સજ્જ થાય છે.

---

રંગીન મેદાન અવાચક

કબડ્ડી ફૂટપટ્ટી ખેલાડી

પાવરધો ટુકડી ઝિંદાબાદ

મને કેળાં બહુ ભાવે છે.

પરેશ દાખલા ગણ.



મિત્રને પૂછો: કાળી સોટી, તેલે છાંટે, વળે વળે પણ ભાંગે નહીં. (જવાબ માટે ૮૦ + ૭ = .....પર જાઓ.)

## તમારા મિત્ર સાથે વાતચીત કરી ચિત્રના આધારે વાર્તાનાં વાક્યો લખો.





શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................

તારીખ : ........................ તારીખ : ........................



મિત્રને પૂછોઃ ગામ જાઉં ગામતરે જાઉં, લીંબોળી લટકાવતી જાઉં. (તાળું)

## મને આવડે છે

### પ્રશ્નો વાંચી, પૂરા વાક્યમાં જવાબ લખો.

(૧) તમારા ગામમાં કેવાં કેવાં ઘર છે?

જવાબ: મારા ગામમાં જાત જાતનાં ઘર છે.

(૨) તમારા ઘરથી નિશાળ નજીક છે કે બસ સ્ટેશન નજીક છે?

જવાબ:

(૩) તમારા ગામમાં કઈ કઈ દુકાનો છે? ત્રણનાં નામ લખો.

જવાબ:

(૪) તમારા ગુજરાતીના શિક્ષકનું નામ લખો.

જવાબ:

(૫) તમારા ગણવેશનો રંગ કેવો છે?

જવાબ:

### વાંચો. વધુ સારા અક્ષરે લખતાં જાઓ.

(૧) યજ્ઞ એના દાદા ત્રિકમદાસ સાથે આનંદમેળામાં ગયો.

(૨) "દાદા, મારે પેલા મો...ટા ચકડોળમાં બેસવું છે."

(૩) "દાદા સાથે આવ્યો છું. મારા દાદા ખોવાઈ ગયા છે."

(૪) પોલીસ અંકલે કહ્યું: ચિંતા ન કરીશ. હું તને તારા ઘરે પહોંચાડીશ.

(૫) "ના, મારે કશું ખાવું નથી. મારે દાદા પાસે જવું છે."

(૬) "મારે દાદા જ જોઈએ, બીજું કંઈ જ જોઈતું નથી!"

શિક્ષકની સહી : ........................ વાલીની સહી : ........................
તારીખ : .............................. તારીખ : ..............................



મિત્રને પૂછોઃ ધોળો મરઘો લીલી મૂછ, ન આવડે તો મિત્રને પૂછ. (જવાબ માટે ૮૦ + ૫ = .....પર જાઓ.)

એકાણું

# વર્ગ સહાયક અધ્યયન સંપુટ સામગ્રી

૧. અધ્યયન સંપુટ પુસ્તિકા
૨. વિદ્યાપ્રવેશ વિદ્યાર્થી પ્રવૃત્તિપોથી (ધોરણ-૧)
૩. પ્રોજેક્ટ પ્રવૃત્તિ બુક
૪. લેખનપોથી
૫. ચિત્રપોથી
૬. નોટબુક (વિદ્યાર્થી દીઠ-૩)
૭. સ્લેટ અને પેન બૉક્સ
૮. શૈક્ષણિક સ્ટેશનરી કિટ
૯. શિક્ષકસાથી મૉડ્યુલ
૧૦. વિદ્યાર્થી પ્રગતિ રજિસ્ટર
૧૧. નિપુણ ભારત માર્ગદર્શિકા (ભાગ-૧,૨)
૧૨. વિદ્યાપ્રવેશ શિક્ષક આવૃત્તિ
૧૩. સર્જન માટેની વર્ગસામગ્રી
૧૪. અધ્યયન નિષ્પત્તિ ચાર્ટ
૧૫. બોર્ડ બુક
૧૬. લાર્જ સ્ટોરીબુક
૧૭. વાર્તાનો વડલો ભાગ ૧-૨
૧૮. ચિત્રવાર્તા પુસ્તિકા (૧૨ ભાગ)
૧૯. દ્વિભાષી વાર્તા પુસ્તિકા
૨૦. અર્લીરીડર (પ્રારંભિક વાચનમાળા)
૨૧. સચિત્ર બાળપોથી
૨૨. ચિત્ર કૅલેન્ડર
૨૩. ફ્લૅશ કાર્ડ
૨૪. ચાર્ટ/પોસ્ટર
૨૫. બ્રેઈલ કિટ
૨૬. **NCERT Maths kit**
૨૭. **IIT FLN KIT**
૨૮. લાકડાનાં શૈક્ષણિક રમકડાંની કિટ
૨૯. રમતગમતનાં સાધનો
૩૦. સંગીતનાં સાધનો

# અધ્યયન સંપુટ

# ગુજરાતી ધોરણ - ૨



NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાન

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

समग्र शिक्षा
Samagra Shiksha

આ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગર તરફથી વિનામૂલ્યે આપવામાં આવેલ છે. (વર્ષ ૨૦૨૪-૨૫)